RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 257* Date: 14.07.2022, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાજપક્ષે અડધી રાતે પત્ની સાથે દેશ છોડી ભાગ્યા

## રાષ્ટ્રપતિ દેશ છોડી માલદિવ્સ ભાગી જતા હોબાળો થયો, રોષે ભરાયેલા લોકોએ ઠેર-ઠેર ઉગ્ર પ્રદર્શન કર્યા,પીએમ હાઉસ પર કબજો,કટોકટી લાગુ



કોલંબો,તા.૧૩

શ્રીલંકાના રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે દેશ છોડીને ભાગી ગયા છે. રિપોર્ટ અનુસાર તે બુધવારે સવારે શ્રીલંકાથી નીકળીને માલદીવ જતા રહ્યા. રાજપક્ષે પહેલા જ કોલંબોમાં તેમના સત્તાવાર નિવાસસ્થાનથી નીકળી ગયા હતા. જ્યાં બાદમાં વિરોધીઓ પહોંચ્યા અને હોબાળો મચાવ્યો. રાષ્ટ્રપતિ, તેમના પત્ની અને એક અંગરક્ષક સાથે એન્ટોનોવ ૩૨ લશ્કરી વિમાનમાં શ્રીલંકાથી મુખ્ય આંતરરાષ્ટ્રીય વિમાનમથકથી રવાના થયા. માલે એરપોર્ટના અધિકારીએ જણાવ્યુ કે માલદીવ પહોંચ્યા બાદ રાષ્ટ્રપતિને પોલીસ સુરક્ષા હેઠળ અજ્ઞાત સ્થળે લઈ જવામાં આવ્યા હતા. આ પહેલા કોલંબો એરપોર્ટ પર રાષ્ટ્રપતિનો એક વીડિયો સામે આવ્યો હતો જેમાં એરપોર્ટ સ્ટાફ તેમની સાથે ખરાબ વર્તન કરી રહ્યો છે. રાષ્ટ્રપતિ દુબઈ જવા ઈચ્છતા હતા પરંતુ સ્ટાફે તેમને વીઆઈપી સેવા આપવાનો ઈંકાર કરી દીધો અને કહ્યુ કે તમામ મુસાફરોએ પબ્લિક કાઉન્ટર પરથી જવુ પડશે. જ્યાં સામાન્ય લોકોએ તેમનો વિરોધ કર્યો, જેના કારણે તેઓ તેમની ફ્લાઈટ ચૂકી ગયા અને તેઓ યુએઈ જઈ શક્યા નહીં.

આર્થિક સંકટ વચ્ચે શ્રીલંકાના રાષ્ટ્રપતિ ગોટબાયા રાજપક્ષે દેશ છોડીને માલદિવ્સ ભાગી ગયા છે. આ સમાચાર સામે આવતા જ દેશના લોકો રોષે ભરાયા છે. રાજધાની કોલંબોમાં અત્યારે લોકો માર્ગ પર ઉતરી આવ્યા છે અને ભારે હોબાળો કરી રહ્યા છે. અત્યારે હજારો લોકો સંસદ ભવન તરફ અગ્રેસર થઈ ગયા છે. આની સાથે વડાપ્રધાન નિવાસસ્થાનને પણ લોકોએ ઘેરી લીધું છે. તેવામાં લોકોના ઉગ્ર વિરોધ પ્રદર્શનને જોતા ઈમરજન્સી જાહેર કરી દેવામાં આવી છે. અનેક જગ્યાએ વિરોધ પ્રદર્શન કરતા લોકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયા હતાં બીજી બાજુ સેનાએ પોતાના લોકો સામે કોઈ પગલાં ભરવાની વાત સામે આવતા તેમણે પોતાના હથિયાર નીચે મૂકી દીધા છે. આ ઉગ્ર વિરોધ પ્રદર્શનમાં ૧૨ લોકો ઈજાગ્રસ્ત થયા છે. પોલીસે ટીયરગેસના સેલ છોડયા હતાં અને કેટલાક પ્રદર્શનકારીઓની ધરપકડ કરી છે. શ્રીલંકામાં કટોકટીની સ્થિતિ લાદવામાં આવી છે લગભગ ૧૫થી વધુ ટીયરગેસના સેલ છોડવામાં આવ્યા હતાં આ ઉપરાંત ગોળીબાર થયાના અહેવાલો છે. વોટર કેનનો પ્રયોગ કરવામાં આવ્યો હતો.પ્રદર્શનકારીઓએ પોલીસ અને ફોર્સ સામે પાણીની બોટલો,પથ્થરમારો અને ચંપલો ફેંકવામાં આવ્યા હતાં. નારાજ લોકોએ આજે સંસદ ભવન અને પીએમ હાઉસને ઘેરી લીધું છે. આર્થિક સંકટ વચ્ચે ગુસ્સે ભરાયેલા લોકોએ ભૂતકાળમાં રાષ્ટ્રપતિ ભવન પર કબજો જમાવ્યો હતો અને પીએમના ખાનગી આવાસને આગ લગાવી દીધી હતી. મોટી સંખ્યામાં વિરોધીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે. ઉશ્કેરાયેલી ભીડને કાબૂમાં લેવા માટે ટીયર ગેસ છોડવામાં આવ્યો છે. પ્રદર્શનકારીઓએ સેનાના વાહનને પણ રોકી દેવામાં આવ્યા હતાં અને તેમની ગાડીઓને પંચ્ચર પાડી દેવામાં આવ્યા હતાં. કેટલાક સુરક્ષા જવાનોને પણ ઈજા થઈ હોવાના અહેવાલો છે.દરમિયાન ભારતે મીડિયામાં આવેલા તે સમાચારોને 'પાયાવિહોણા અને અનુમાન પર આધારિત' ગણાવ્યા કે તેણે શ્રીલંકાના રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષેને દેશ છોડી માલદીવ જવા માટે મદદ કરી છે. શ્રીલંકાના ૭૩ વર્ષીય નેતા તેમની પત્ની અને બે સુરક્ષા અધિકારીઓ સાથે સેનાના એક વિમાનમાં દેશ છોડી જતા રહ્યા છે. શ્રીલંકામાં ભારતીય ઉચ્ચ કમિશને ટ્વીટ કર્યું- હાઈ કમિશન મીડિયામાં આવેલા તે સમાચારોને 'પાયાવિહોણા તથા માત્ર અટકળો' તરીકે નાકારી કાઢ્યા છે કે ભારતે ગોટબાયા રાજપક્ષેને શ્રીલંકાથી બહાર ભાગવામાં મદદ કરી.તેમણે કહ્યું- એ પુનરોચ્ચાર કરવામાં આવે છે કે ભારત લોકશાહી માધ્યમો અને મૂલ્યો, સ્થાપિત લોકતાંત્રિક સંસ્થાઓ અને બંધારણીય માળખા દ્વારા સમૃદ્ધિ અને પ્રગતિની આકાંક્ષાઓને પૂર્ણ કરવામાં શ્રીલંકાના લોકોને સહયોગ કરતા રહીશું.શ્રીલંકાની વાયુ સેનાએ એક સંક્ષિપ્ત નિવેદનમાં કહ્યું- સરકારના અનુરોધ પર અને સંવિધાન હેઠળ રાષ્ટ્રપતિને મળી શક્તિઓ અનુસાર રક્ષા મંત્રાલયની પૂર્ણ સ્વીકૃતિ સાથે રાષ્ટ્રપતિ, તેમની પત્ની અને બે સુરક્ષા અધિકારીઓને ૧૩ જુલાઈના કાતુનાયકે આંતરરાષ્ટ્રીય હવાઈ મથકથી માલદીવ રવાના થવા માટે શ્રીલંકન એર ફોર્સનું વિમાન ઉપલબ્ધ કરાવવામાં આવ્યું. પ્રદર્શનકારીઓએ પોલીસ અને પ્રશાસનને ઘેરી લીધુ હતું.શ્રીલંકાના ઈતિહાસમાં પહેલી વાર રાષ્ટ્રપતિનું પદ સમયથી પહેલા ખાલી થઈ રહ્યું છે. આ અગાઉ ૧ મે ૧૯૯૩ના રોજ તત્કાલિન રાષ્ટ્રપતિ આર. પ્રેમદાસાની હત્યાના કારણે આ પદ ખાલી થયું હતું. શ્રીલંકાના પ્રધાનમંત્રી રાનિલ વિક્રમસિંઘેને દેશના કાર્યકારી રાષ્ટ્રપતિ બનાવામાં આવ્યા છે.

# ભાજપ સરકારે ન તો ભાગલપુર, ભિવંડી અને ગોધરા જેવા રમખાણો જોયા છે અને ન તો દેશમાં કોઈ મોટી આતંકવાદી ઘટના જોઈ છે.

## મેં માત્ર મુસ્લિમો માટે કામ કરવાના શપથ નથી લીધા : મુખ્તાર અબ્બાસ નકવી



નવીદિલ્હી,તા.૧૩

પૂર્વ કેન્દ્રીય મંત્રી મુખ્તાર અબ્બાસ નકવી ભારતીય જનતા પાર્ટીમાં એક જાણીતો મુસ્લિમ ચહેરો છે. તેમણે તાજેતરમાં રાજ્યસભાની મુદત પૂરી થયા બાદ લઘુમતી બાબતોના કેન્દ્રીય પ્રધાન પદેથી રાજીનામું આપ્યું હતું. તેમના રાજીનામા બાદ રાજકીય વર્તુળોમાં એવી અટકળો ચાલી રહી છે કે તેમનું કદ વધુ વધશે. ભાજપ તેમને એનડીએના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવી શકે છે અથવા તેમને જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર તરીકેની જવાબદારી સોંપવામાં આવી શકે છે.

પોતાના જીવનના ૪૭ વર્ષ રાજનીતિમાં વિતાવી ચૂકેલા નકવીને જ્યારે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે તેમની ઉમેદવારી વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે સ્પષ્ટતા કરી કે તેમને એનડીએના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવવામાં આવશે અથવા તો તેમને જમ્મુ-કાશ્મીરની જવાબદારી સોંપવામાં આવશે. કોઈ માહિતી નથી.

ભાજપના પૂર્વ પ્રવક્તા નુપુર શર્માના વિવાદાસ્પદ નિવેદન પર નકવીએ કહ્યું કે ભાજપ સરકારે ન તો ભાગલપુર, ભિવંડી અને ગોધરા જેવા રમખાણો જોયા છે અને ન તો દેશમાં કોઈ મોટી આતંકવાદી ઘટના જોઈ છે. વિરોધ પક્ષો આ હકીકતોને પચાવી શકતા નથી તેનું કારણ એ છે કે ભાજપે મોદી સરકાર બનાવી ત્યારથી તેઓ એવોર્ડ પરત, અસહિષ્ણુતા અને લિંચિંગની વાર્તાઓ રચી રહ્યા છે. દેશમાં કેટલાક ફ્રિન્જ તત્વો પણ છે જે શાંતિ, સૌહાર્દ અને વિકાસના વાતાવરણને બગાડવા માંગે છે.

નકવીએ કહ્યું કે ક્યાંય સાંપ્રદાયિક હિંસા ન થવી જોઈએ. તેમને નિયંત્રિત કરવાનો ઈરાદો અને નીતિ યોગ્ય હોવી જોઈએ. લોકો હવે બુલડોઝર પર સવાલ ઉઠાવી રહ્યા છે, પરંતુ તોફાનીઓ તરફ આંગળી ચીંધતા શરમાતા રહ્યા છે. ધમકી આપનાર માનવતાની સાથે દુશ્મન પણ છે. ઈસ્લામ, તાલિબાન કે અલ કાયદા હોઈ શકે નહીં. નૂપુર શર્મા સામે કડક કાર્યવાહી કરવામાં સરકાર શરમાતી હોવાના આરોપ પર તેમણે કહ્યું કે એજન્સી અને પોલીસ કાયદા મુજબ તેમનું કામ કરી રહી છે. જો એજન્સી કંઈક ખોટું કરી રહી છે, તો કોર્ટ છે અને આપણે તેના પર રાજકારણ ન કરવું જોઈએ.પૂર્વ કેન્દ્રીય મંત્રી મુખ્તાર અબ્બાસ નકવી ત્રણ વખત રાજ્યસભામાં ચૂંટાયા છે અને ૧૭ વર્ષની ઉંમરે સામાજિક અને રાજકીય જીવનમાં સામેલ થયા હતા. તેમણે એક દૈનિક હિન્દી અખબારને કહ્યું કે કેન્દ્રીય લઘુમતી બાબતોના પ્રધાન તરીકે તેમણે દેશના લઘુમતીઓના ભલા માટે ઘણું કર્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે મંત્રાલય અગાઉ મુસ્લિમ મંત્રાલય હતું, પરંતુ હવે તેમાં માત્ર મુસ્લિમો જ નહીં, પણ ખ્રિસ્તી, પારસી, બૌદ્ધ, જૈન અને શીખોનો પણ સમાવેશ થાય છે. તેમણે એમ કહીને પણ ગર્વ લીધો કે મંત્રાલયે ગૌરવ સાથે કામ કર્યું અને તુષ્ટિકરણની વર્ષો જૂની પ્રથા છોડી દીધી. તેમણે કહ્યું કે મોદી સરકારે કોઈની સાથે ભેદભાવ કર્યો હોવાનો આક્ષેપ કોઈ કરી શકે નહીં.

દેશમાં મુસ્લિમોની વસ્તી લગભગ ૧૬% છે, પરંતુ મોદી સરકારમાં તેમના ગયા પછી સમુદાયનું કોઈ પ્રતિનિધિત્વ નથી? આ પ્રશ્નના જવાબમાં નકવીએ કહ્યું કે તેમણે શપથ લીધા નથી કે તેઓ માત્ર મુસ્લિમોના વિકાસ માટે જ કામ કરશે. તમામ મંત્રીઓએ બંધારણીય રીતે સમાજના તમામ વર્ગોના વિકાસ માટે કામ કરવાનો સંકલ્પ લીધો છે. ભાજપની આગેવાની હેઠળની સરકારની નીતિ અને હેતુ 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા પ્રયાસ' રહ્યો છે. અત્યાર સુધી મુસ્લિમ સમાજનું રાજકીય રીતે શોષણ કરવામાં આવ્યુ છે અને રાજકીય સશક્તિકરણથી જાણીજોઈને દૂર રાખવામાં આવ્યું છે. વડાપ્રધાન મોદીએ આવાસ યોજના હેઠળ ૩.૩૧ કરોડ લોકોને ઘર આપ્યા છે અને તેમાંથી ૩૧ ટકા લઘુમતીઓને આપવામાં આવ્યા છે. કિસાન સન્માન નિધિમાં લઘુમતીઓનો હિસ્સો પણ ૩૫ ટકા છે, જ્યારે મુદ્રા યોજના હેઠળ ૩૫ ટકા લોકોને લાભ મળ્યો છે. તેમણે કહ્યું કે જ્યારે અમે વિકાસમાં ભેદભાવ નથી કર્યો તો પછી કોઈ સમુદાયે અમને વોટ આપવામાં ભેદભાવ શા માટે કરવો જોઈએ.

રાજકારણમાં દેશની સૌથી મોટી લઘુમતી વસ્તીનું પ્રતિનિધિત્વ ન કરવાથી નકારાત્મક અસરો થશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા, તેમણે આ વિચારને રદિયો આપ્યો હતો. નકવીએ કહ્યું કે જો કોઈ સાંસદ કે ધારાસભ્ય ન બને તો તે આતંકવાદી નહીં બને. આવી વિચારસરણી એ ફરીથી સમાજના એક વર્ગને વિકાસના મુખ્ય પ્રવાહથી દૂર કરવાનો પ્રયાસ હશે. નકવીએ ભાજપ દ્વારા મુસ્લિમોને ચૂંટણીમાં ટિકિટ ન આપવાના વિચાર પર પણ કટાક્ષ કર્યો અને કહ્યું કે તેઓ ભાજપની ટિકિટ પર ૫ વખત ચૂંટણી લડ્યા, પરંતુ ૪ વખત હારી ગયા અને માત્ર એક જ વાર જીત્યા. મેં પાર્ટીમાં અલગ-અલગ સ્તરે કામ કર્યું છે. ભાજપે સંસદ અને વિધાનસભાની ચૂંટણી માટે દેશભરની ચૂંટણીમાં મુસ્લિમોને ૩૫૦થી વધુ ટિકિટ આપી છે.

## જીવતો પુત્ર આપ્યો હતો.તમે આ શું કરી દીધુ,સીઆરપીએફ જવાનના પરિવારજનોએ શબ લેવાનો ઈન્કાર કર્યો

જોધપુર,તા.૧૩

રાજસ્થાનના જોધપુરમાં સીઆરપીએફ તાલિમ સેન્ટ્રમાં ગોળી મારી આત્મહત્યા કરનાર કોન્સ્ટેબલના શબને પરિવારજનોએ લેવાનો ઈન્કાર કરી દીધો છે.છેલ્લા ૨૪ કલાકથી વધુ સમય વિતી ગયો છે આમ છતાં કોસ્ટેબલના શબના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા નથી પરિવારજનોનું કહેવુ છે કે પહેલા પુત્રને ટોર્ચર કરનારા લોકોની ધરપકડ કરવામાં આવે

હકીકતમાં મામલો કરવડ પોલીસે સીઆરપીએફના પાંચ જવાનોની વિરૂધ્ધ મામલો દાખલ કર્યો છે પરિવારજનો ઈચ્છે છે કે જયાં સુધી આરોપીઓની ધરપકડ થશે નહીં તે શબનો સ્વીકાર કરશે નહીં સીઆરપીએફના ડીઆઈજી ભુપેન્દ્ર સિંહે પરિવારજનો સાથે વાત કરવાની ઈચ્છા વ્યકત કરી પરંતુ પરિવારજનોએ ડીઆઈજીથી વાત કરવાનો ઈન્કાર કરી દીધો હતો.પરિવારજનોની ફરિયાદ બાદ પોલીસે મામલામાં સીઆરપીએફના એએસઆઈ સતવીર,એસઆઈ અર્જૂન સિંહ,હેડ કોસ્ટેબલ બહાદુર યાદવ,સુશીલ અને સંજયની વિરૂધ્ધ મામલો દાખલ કર્યો છે પરંતુ તેમની ધરપકડ કરવામાં આવી નથી મંગળવારે કોસ્ટેબલ નરેશ જાટની વીડિયો પણ વાયરલ થઈ છે જેમાં તેમણે આત્મહત્યાની બરોબર પહેલા બનાવી હતી આ સાથે જ સાત પાનાની સુસાઈડ નોટ પણ મળી હતી નરેશે અધિકારીઓ પર પરેશાન કરવાનો આરોપ લગાવ્યો હતો.

પરિવારજનોની માંગ છે કે આરોપીઓની ધરપકડ કરવામાં આવે અને નરેશની પુત્રીને સગીર થવા પર સરકારી નોકરી,પત્ની ઉર્મિલાને આજીવન પેંશન અને નરેશના અંતિમ સંસ્કાર દરમિયાન તેને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવે પત્રકારો સાથેની વાતચીત કરતા નરેશના પિતા લિખમારામે સીઆરપીએફના અધિકારીઓને કહ્યું કે મેં જીવતો પુત્ર આપ્યો હતો તમારા લોકોને કારણે તેના આ હાલ થઈ ગયા છે હવે તેને લઈને શુ કરૂ શહીદ હોત તો સલામી આપી તેનું શબ લઈ લેતો એ યાદ રહે કે જોધપુરમાં પોતાના પરિવારને બંધક બનાવનાર સીઆરપીએફના જવાને ખુદને ગોળી મારી દીધી હતી પોલીસ કમિશ્નર રવિદત ગૌડે તેની પુષ્ટી કરી હતી જવાને ૧૮ કલાક સુધી પત્ની અને પુત્રીને રૂમમાં બંધક બનાવી રાખી હતી અને વારંવાર બારીમાં આવી હવામાં ગોળીબાર કરતો રહ્યો હતો અધિકારીઓએ તેને મનાવવાનો પ્રયાસ કર્યો પરંતુ તે માન્યો નહીં તેણે સીઆરપીએફના આઈજી સાથે વાત કરવાની ઈચ્છા વ્યકત કરી પરંતુ આઈજી જયપુરથી જોધપુર પહોંચ્યા પણ ખરા પરંતુ તેમના પહોંચતા પહેલા જ જવાને ખુદને ગોળી મારી દીધી હતી.

# કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાના મધ્યપ્રદેશના બંગલામાં પાણી ઘૂસ્યુ

ભોપાલ,તા.૧૩

દેશના ઉત્તર પૂર્વીય ભાગો બાદ હવે ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને તેલંગાણામાં ભારે વરસાદે તબાહી મચાવી છે. મધ્ય પ્રદેશમાં પણ વરસાદને કારણે ચોમેર પાણી જોવા મળી રહ્યા છે. રાજધાની ભોપાલમાં કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાના સત્તાવાર બંગલામાં પાણી ઘૂસી ગયું છે. વરસાદ વચ્ચે મહાનગરપાલિકાની તૈયારીઓ આટોપી લેવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાનો બંગલો શ્યામલા હિલ્સ સ્થિત વિસ્તારમાં આવેલો છે. પાણી ઘુસી ગયા બાદ કામદારો આખી રાત ઘરમાંથી પાણી કાઢવામાં લાગ્યા હતા.

ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગે મધ્યપ્રદેશના ૫૨ માંથી ૩૩ જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદ માટે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું છે. વરસાદ વચ્ચે લોકો પોતાનો જીવ જોખમમાં મૂકીને મુસાફરી કરી રહ્યા છે, જેના કારણે તેઓને માઠી અસર પણ ભોગવવી પડી રહી છે. તે જ સમયે, રાજધાની ભોપાલમાં સતત વરસાદ થઈ રહ્યો છે. અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે જેના કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ભોપાલના વીવીઆઈપી વિસ્તારમાં સ્થિત કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાના બંગલામાં પણ પાણી ઘૂસી ગયું છે.

કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાનો નવો બંગલો શ્યામલા હિલ્સમાં બનાવવામાં આવ્યો છે. જ્યોતિરાદિત્ય સિંધિયા થોડા મહિના પહેલા જ આ ઘરમાં પ્રવેશ્યા હતા. ભોપાલ આવીને તે આ બંગલામાં રહે છે. ભોપાલમાં ભારે વરસાદ બાદ ગટરનું પાણી જ્યોતિરાદિત્ય સિંધિયાના બંગલામાં ઘૂસી ગયું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પાણીના કારણે કિંમતી લાકડાના ફ્લોરને ઘણું નુકસાન થયું છે. આ અંગેની જાણ થતાં જ ભોપાલ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર અને પીડબલ્યુડીના અધિકારીઓ બંગલે પહોંચ્યા અને સ્થળ પર સ્થિતિનું નિરીક્ષણ કર્યું.

ભોપાલ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર વીએસ ચૌધરીએ જણાવ્યું કે કેન્દ્રીય મંત્રીના બંગલામાં હળવું પાણી આવ્યું હતું, જેને બહાર કાઢવામાં આવ્યું છે. જ્યારે અમને માહિતી મળી, અમે સ્થળ પર ગયા અને નિરીક્ષણ કર્યું, પરંતુ ત્યાં કંઈ જ દેખાયું નહીં. તમને જણાવી દઈએ કે, શ્યામલા હિલ્સ વિસ્તારમાં ઘણા ફેંમ ઘર છે. જ્યોતિરાદિત્ય સિંધિયાના બંગલાની બાજુમાં પૂર્વ મુખ્યમંત્રી ઉમા ભારતી અને દિગ્વિજય સિંહનું ઘર છે. તે જ સમયે, એક કિલોમીટરના અંતરે સીએમ શિવરાજ સિંહ ચૌહાણનું નિવાસસ્થાન પણ છે.

## બિહારમાં મોદીના કાર્યક્રમનું આમંત્રણ ચાર વર્ષ પહેલા મૃત્યુ પામેલા ધારાસભ્યને મળ્યું

પટણા,તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક દિવસના પ્રવાસે ગઈકાલે પટણા પહોંચ્યા હતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી બિહાર વિધાનસભા શતાબ્દી સમાપન સમારોહમાં ભાગ લેવા વિધાનસભા પણ ગયા હતાં.તેમના કાર્યક્રમમાં સામેલ થવા માટે બિહારના ધારાસભ્યો,,એમએલસી અને પૂર્વ ધારાસભ્યોને પણ નિમંત્રણ પત્ર મોકલવામાં આવ્યા હતાં પરંતુ તૈયારીઓની વચ્ચે અધિકારીઓએ એક ખુબ મોટી ભુલ કરી દીધી હતી તેની ચર્ચા વડાપ્રધાનના પ્રવાસ પહેલા ચર્ચાનો વિષય બની હતી.

વડાપ્રધાનના પ્રવાસ માટે નિમંત્રણ મોકલતી વખતે અધિકારીઓએ ઉત્તર બિહારના એક એવા પૂર્વ ધારાસભ્યને પણ આમંત્રણ મોકલ્યું હતું જેમનું મૃત્યુ ચાર વર્ષ પહેલા જ થઈ ચુકયુ હતું પૂર્વ ધારાસભ્ય અબ્દુલ પયામીના પરિવારજનોને જયારે તેમના નામનું નિમંત્રણ પત્ર મળ્યું તો તેઓ પણ ચોંકી ગયા હતાં આ વિસ્તારના કોંગ્રેસના કાર્યકર્તાઓ પણ નિમંત્રણને લઈને આશ્ચર્યમાં પડી ગયા હતાં.અબ્દુલ પયામી ૧૯૮૦ના દાયકામાં મધુબનીના લૌકહા વિધાનસભા ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરી ચુકયા છે.ચાર વર્ષ પહેલા તેમનું મૃત્યુ થયું છે.કોંગ્રેસના જીલ્લાધ્યક્ષ શીતલંબર ઝાએ કહ્યું કે જયારે પયામી સાહેબના નામ પર નિમંત્રણ પત્ર આવ્યું તો અમે આશ્ચર્યમાં પડી ગયા છીએ વિધાનસભાના અધિકારીઓને ખબર હોવી જોઈએ કે તે હવે આપણી વચ્ચે રહ્યાં નથી.

## તંત્રી સ્થાનેથી...

# વસતી વિસ્ફોટ



ભારત આગામી વર્ષે દુનિયામાં સૌથી વધુ આબાદીવાળો દેશ થવા જઈ રહ્યો છે, આ સમાચારે જેટલા ચોંકાવ્યા છે એટલા જ ચિંતિત પણ કર્યા છે. વિશ્વ જનસંખ્યા દિવસ પર સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જારી રિપોર્ટે જણાવ્યું છે કે ભારત ૨૦૨૩માં જ ચીનથી વધુ આબાદીવાળો દેશ થઈ જશે. પહેલાં એ અનુમાન લગાવાઈ રહ્યું હતું કે ૨૦૨૭માં ભારત દુનિયાની સૌથી વધુ આબાદીવાળો દેશ થશે. મતલબ અનુમાનથી ચાર વર્ષ પહેલાં જ ભારત દુનિયામાં સર્વાધિક આબાદીવાળા દેશ રૂપે ઓળખાશે. સંયુક્ત રાષ્ટ્રનો તાજો રિપોર્ટ ઈશારો કરે છે કે જ્યાં ઓછી આબાદી છે, ત્યાં વધુ સંપન્નતા છે, પરંતુ વધુ આબાદીવાળા દેશોમાં જો અભાવ હોય તો ત્યાં માનવ સંસાધન વિકાસ પર થનારા ખર્ચને એક વખત ચોક્કસ જોવો જોઈએ. પ્રતિ વ્યક્તિ આવક પણ જોવી જોઈએ. સંયુક્ત રાષ્ટ્રના તાજા અનુમાન બાદ ભારત માટે પડકારો બહુ વધી જશે. આપણી જનસંખ્યા નિયંત્રણ સંબંધી નીતિઓ બહુ જ ઉદાર રહી છે, જેને કારણે આપણે આબાદી વધવાની ઝડપને જરૂરિયાતના હિસાબે અટકાવી નથી શક્યા. ચીને ૧૯૭૯માં જ એક સંતાન નીતિને ખૂબ કડકાઈથી લાગુ કરી દીધી હતી, તેનું પરિણામ એ થયું કે તેને આબાદીની રફતાર અટકાવવામાં સફળતા મળી. ધ્યાન આપવાની જરૂર છે કે વર્ષ ૧૮૦૦માં ભારતની જનસંખ્યા લગભગ ૧૬.૯૦ કરોડ હતી. ચીન આબાદી મામલે ક્યારેક ભારતથી બેગણું હતું. ૧૯૫૦ બાદ બંને દેશોની આબાદી ઝડપથી વધવા લાગી. ૧૯૮૦માં ચીન એક અબજ જનસંખ્યા સુધી પહોંચી ગયું. તેના ઠીક એક વર્ષ પહેલાં ત્યાં એક સંતાનની નીતિ લાગુ થઈ હતી. ભારત ૨૦૦૦માં એક અબજના આંકડાને પાર પહોંચ્યું અને હવે આગલા વર્ષે ચીનતી આગળ નીકળવા જઈ રહ્યું છે. ચીન એક સંતાન નીતિને ૨૦૧૬માં બંધ કરી ચૂક્યું છે, પરંતુ તેમ છતાં ત્યાં આબાદી ઝડપથી નહીં વધે, કારણ કે ત્યાંની સંસ્કૃતિ અને માનસિકતા બંનેમાં બદલાવ થઈ ગયો છે.

ભારત પાસે હવે કડકાઈ સિવાય કોઈ રસ્તો નથી. સરકારે એ ધ્યાન રાખવું જોઈએ કે ચીન અને ભારતની તુલના ન થાય. ભારત જનસઘનતા મામલે ચીન કરતાં ત્રણ ગણું આગળ છે. ચીન ભૌગોલિક રૂપે મોટો દેશ છે અને ત્યાં અર્થવ્યવસ્થાનો વિકાસ પણ બહુ ઝડપી છે. ભારતે પોતાના માનવ સંસાધન વિકાસને જ નહીં, બલ્કે જનસંખ્યા નિયંત્રણની નીતિઓને પણ ન્હોર-દાંત આપવા પડશે. માનવ સંસાધન અને સ્વાસ્થ્ય પર ખર્ચ વધવો જરૂરી છે, જેથી લોકોમાં જાગૃતિ આવે. જનસંખ્યા દિવસ પર ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીએ બિલકુલ યોગ્ય કહ્યું કે જનસંખ્યા સ્થિરીકરણના પ્રયાસોથી તમામ મત, મજહબ, વર્ગને સમાન રૂપે જોડવા જોઈએ. દેશના એક મોટા વર્ગમાં જાગૃતિ આવી છે, પરંતુ હજુ પણ મોટી સંખ્યામાં એવા લોકો છે જેઓ આબાદીને સમસ્યા નથી માનતા. એવા લોકોને હવે અલગથી ચિહ્નિત કરવા પડશે. તેમને વ્યાવહારિક રૂપે સમજાવવાની જરૂર છે અને સાથે જ કડકાઈના નવા માપદંડ લાગુ કરવા પડશે.

# ગુરૂપૂર્ણિમા એટલે સદગુરૂના પૂજનનું પર્વ

## સંત નિરંકારી સત્સંગ ભવન,ગોધરા ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવ યોજાયો




સંત નિરંકારી સત્સંગ ભવન,ગોધરા ખાતે મિશનના સંયોજીકા પ.પૂ.વિદ્યાબહેનજીની અધ્યક્ષતામાં ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમનું મંચસંચાલન મહા.અજયજીએ કર્યુ હતું. કાર્યક્રમની શરૂઆત ગોધરાની બહેનોના કર્ણપ્રિય ભજનથી થઇ હતી.સંતરોડના સંતશ્રી ગિરીશજી કહ્યું હતું કે જો સદગુરૂ સાચા અને પૂર્ણ હોય તો દિવ્યનેત્ર પ્રદાન કરીને પરમાત્માની તુરંત જ અપરોક્ષાનુભૂતિ કરાવી દે છે.સદગુરૂ પરમાત્માના પવિત્ર અને કોમળ ચરણોનો પ્રેમ જો તમારા હૃદયમાં રહેશે તો અનેક જન્મોના પાપ અને સંસ્કાર નષ્ટ થઇને આપણે પોતાના વાસ્તવિક ઘરમાં નિવાસ કરી શકીશું માટે પરમાત્માની ઓળખાણ કરી લઇએ અને અન્યને પણ તેની પ્રેરણા આપીએ કેમકે પ્રભુનામ ધન જ સાચી સંપત્તિ છે. બ્રહ્મજ્ઞાન સદગુરૂની કૃપાથી પ્રાપ્ત થાય છે પરંતુ તેના ઉપર વિશ્ર્વાસ સંત મહાપુરૂષોનો સંગ કરવાથી દ્રઢ થાય છે.મહા.શ્રી ઈશ્વરભાઇ સેવકાનીએ ગુરૂપૂર્ણિમાના મહત્વને સમજાવતાં કહ્યું હતું કે સદગુરૂ સર્વેશ્વરનો સાક્ષાત્કાર કરાવીને શિષ્યને જન્મ-મરણના બંધનથી મુક્ત કરે છે તેથી સંસારમાં સદગુરૂનું સ્થાન વિશેષ મહત્વનું છે.મહર્ષિ પરાશરની કૃપાથી ભગવાન વેદવ્યાસનું અવતરણ આ ભારત વસુન્ધરા ઉપર અષાઢ સુદ-પૂર્ણિમાના દિવસે થયું હતું,તેમને વેદોનો વિસ્તાર કર્યો એટલે તેમનું નામ "વેદ વ્યાસ" પડ્યું. મહા.કાનજીભાઇએ ગુરૂની મહિમાનું વર્ણન કરતી સુંદર આરતી ગાઇ હતી.

નવીવાડીના શ્રી વિનોદભાઇ માછીએ કહ્યું હતું કે ગુરૂપૂર્ણિમા એટલે સદગુરૂના પૂજનનું પર્વ. સદગુરૂનો આદર એ કોઇ વ્યક્તિનો આદર નથી પરંતુ સદગુરૂના દેહની અંદર જે વિદેહી આત્મા-પરબ્રહ્મ પરમાત્મા છે તેમનો આદર છે,જ્ઞાનનો આદર છે,જ્ઞાનનું પૂજન છે,બ્રહ્મજ્ઞાનનું પૂજન છે.પરમાત્માની જાણકારી શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ બ્રહ્મવેત્તા મહાત્માની કૃપાથી જ સંભવ છે કે જે સ્વંયમ્ પરમાત્માને જાણતા હોય,શરીરધારી સદગુરૂની કૃપા વિના બ્રહ્માનુભૂતિ સંભવ નથી.જે જીવને સદગુરૂ દ્વારા બ્રહ્મજ્ઞાન નથી મળતું તે પુનઃ લક્ષચૌરાશી યોનીઓમાં ચક્કર ફર્યા જ કરે છે પરંતુ જે જીવને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય છે તે જીવ આવાગમનના ચક્કરમાંથી મુક્ત થઇ જાય છે.અજ્ઞાનતાને દૂર કરી આત્મિક બોધ,સ્વંયમનું જ્ઞાન કરાવે તેમને ગુરૂ કહેવામાં આવે છે.

વર્તમાન સમયમાં ગુરૂ માટે સદગુરૂનો શબ્દ પ્રયોગ કરવામાં આવે છે.જ્યારે પુરાતન ગ્રંથોમાં ગુરૂ શબ્દનો જ પ્રયોગ કરવામાં આવેલ છે,તેનું કારણ એ છે કે જેમ અમારા પૂર્વજો દેશી ઘી ને જ ઘી કહેતા હતા પરંતુ જયારથી બનાવટી ઘી બજારમાં આવ્યું છે ત્યારથી ઘી શબ્દની આગળ દેશી ઘી કહેવું આવશ્યક બન્યું છે.જેથી બનાવટી ઘી અને દેશી ઘી ની ઓળખાણ થઇ શકે,તેવી જ રીતે જ્યારથી બનાવટી પાખંડી ગુરૂઓ ફુટી નિકળ્યા છે ત્યારથી ગુરૂની આગળ સત્ શબ્દ લગાવવો આવશ્યક થઇ ગયું છે.સદગુરૂ એટલે સત્ (પરમાત્મા)ને જાણવાવાળા હોય અને શરણે આવેલા જિજ્ઞાસુ ભક્તોને સત્ય પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી દે.સત(પરમાત્મા) સાથે જોડે તે સદગુરૂ કહેવાય છે.જ્યાં સુધી પ્રભુનાં દર્શન ના થાય,પરમાત્માની અપરોક્ષાનુભૂતિ ના થાય ત્યાં સુધી મનમાં વિશ્વાસ આવતો નથી,જ્યાં સુધી વિશ્વાસ આવતો નથી ત્યાં સુધી પ્રભુની સાથે પ્રેમ સંભવ નથી.પ્રેમ વિના ભક્તિ અને ભક્તિ વિના ભવસાગર પાર કરી શકાતો નથી. શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વદર્શી સદગુરૂ જ પરમાત્માનાં દર્શન કરાવી શકે છે, તે જ મનમાં વિશ્વાસ કરાવે છે અને તે જ પ્રેમનું શિક્ષણ પ્રદાન કરે છે એટલે સદગુરૂ વિના ભક્તિ સંભવ નથી અને જે આવી ભક્તિ કરે છે તેને પાછળથી પછતાવું પડે છે.સદગુરૂની કૃપાથી જે વ્યક્તિ અવિનાશી પ્રભુની ઓળખાણ કરી લે છે તેનું અવશ્ય કલ્યાણ થાય છે કારણ કે ગુરૂની કૃપાળું કરૂણાપૂર્ણ દ્રષ્ટિ તેનો ઉધ્ધાર કરી દે છે.

વિના દેખે મનના માને મન માન્યા વિના પ્રેમ નહી,પ્રેમ વિના ના ભક્તિ થાયે ભક્તિ વિના ઉધ્ધાર નહી,ગુરૂ દેખાડે ગુરૂ મનાવે ગુરૂ જ પ્રેમ શિખવાડે છે,ગુરૂ વિનાની ભક્તિ નકામી જીવન વ્યર્થ ગુમાવે છે,પુરા ગુરૂના ચરણોમાં આવી ઈશ્વરની ઓળખાણ કરો,અવતાર ગુરૂની કૃપા દ્રષ્ટિથી જીવનનું કલ્યાણ કરો.

વ્યાસપીઠ ઉપરથી પોતાના પ્રવચનમાં પ.પૂ.વિદ્યાબહેને કહ્યું હતું કે સદગુરૂને સમર્પિત ભાવે પ્રેમ કરવો તેમની બ્રહ્મભાવે પૂજા કરવી-એ જ્ઞાન અને ભક્તિના માટે આવશ્યક છે.પરમાત્મા પ્રત્યે જેવો ભાવ અને શ્રધ્ધા દિલમાં હોય છે તેવો જ ભાવ સદગુરૂ પ્રત્યે સાકાર બ્રહ્મ જાણીને કરવામાં આવે તે જ્ઞાન જ દ્રઢ થાય છે.સદગુરૂના માધ્યમથી પરમાત્માનું જ્ઞાન પ્રાપ્તજ કર્યા બાદ જ ભક્તિની શરૂઆત થાય છે.બ્રહ્મજ્ઞાન ભક્તિનું સાધ્ય નહી પરંતુ સાધન છે.ભગવાનને જાણ્યા પછી જ આપણામાં દૈવી ગુણોનો પ્રવેશ થાય છે. પૂર્ણ સદગુરૂની એ જ ઓળખાણ હોય છે કે તે માયાનો પડદો હટાવીને બ્રહ્મનાં દર્શન કરાવી દે છે અને પોતાની શરણમાં આવેલા જિજ્ઞાસુઓને જન્મ-મરણના ચક્કરમાંથી મુક્ત કરી દે છે.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી, તા.શહેરા,
જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# શ્રીલંકાની કંપની પાસેથી ટુના માછલી ખરીદી કૌભાંડમા એનસીપી સાંસદ વિરુદ્ધ કેસ દાખલ

## દિલ્હી, કેરળ અને લક્ષદ્વીપમાં ૬ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા અને તપાસ ચાલી રહી છે




**આ કેસમાં સાંસદ મોહમ્મદ ફૈઝલની પણ ભૂમિકા હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આ કંપની ૬૫૦ રૂપિયા પ્રતિ કિલો ચુકવવા તૈયાર છે, જે ટૂના માછલીના ૨૫૦ રૂપિયા પ્રતિ કિલોના દર કરતા ઘણી વધારે છે**

મુંબઇ,તા.૧૩

સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ)એ આજે લક્ષદ્વીપમાંથી એનસીપી સાંસદ મોહમ્મદ ફૈઝલ અને તેમના ભત્રીજા અબ્દુલ રાજિકની શ્રીલંકાની કંપનીમાંથી ટુના માછલીના વેચાણ અને ખરીદીમાં કૌભાંડના સંબંધમાં ધરપકડ કરી હતી. તત્કાલિન મેનેજિંગ ડિરેક્ટર વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. શ્રીલંકા સ્થિત કંપની, લક્ષદ્વીપ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ વિવિધ ફોજદારી કલમો હેઠળ. આ મામલે આજે ૬ સ્થળોએ દરોડા પાડવામાં આવી રહ્યા છે.

સીબીઆઈના પ્રવક્તા આરસી જોશીના જણાવ્યા અનુસાર, આ કેસમાં જે લોકોની સામે કેસ નોંધવામાં આવ્યો છે તેમાં એનસીપીના સાંસદ મોહમ્મદ ફૈઝલ, શ્રીલંકા સ્થિત કંપની એસઆરટી જનરલ મર્ચન્ટ ઈમ્પોર્ટર્સ એન્ડ એક્સપોર્ટર્સ કોલંબો લક્ષદ્વીપ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન લિમિટેડના તત્કાલીન મેનેજિંગ ડિરેક્ટર, સાંસદ અનવર અને મોહમ્મદ અબ્દુલ રઝીક સમાવેશ થાય છે.

જેમાં મોહમ્મદ અબ્દુલ રઝીક સાંસદના સંબંધીઓ પણ હોવાનું કહેવાય છે. અને તે આ શ્રીલંકન કંપનીનો પ્રતિનિધિ હોવાનું કહેવાય છે. આ કિસ્સામાં, ૨૪ જૂન, ૨૦૨૨ ના રોજ સીબીઆઈએ કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષદ્વીપના તકેદારી અધિકારીઓ સાથે લક્ષદ્વીપ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશનમાં આશ્ચર્યજનક સર્વે કર્યો હતો.

આ સર્વેમાં તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે વર્ષ ૨૦૧૬/ ૨૦૧૭માં પાડોશી દેશ શ્રીલંકાની ખરીદનાર કંપની પ્રવર્તમાન દર કરતા વધુ દરે ટુના માછલી ખરીદવા તૈયાર હતી. આ કેસમાં સાંસદ મોહમ્મદ ફૈઝલની પણ ભૂમિકા હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આ કંપની ૬૫૦ રૂપિયા પ્રતિ કિલો ચુકવવા તૈયાર છે, જે ટૂના માછલીના ૨૫૦ રૂપિયા પ્રતિ કિલોના દર કરતા ઘણી વધારે છે, તેવી ખાતરી તેના દ્વારા આપવામાં આવી હતી.ઉપરાંત તપાસ દરમિયાન એ પણ જાણવા મળ્યું કે આ શ્રીલંકન કંપનીનો સ્થાનિક પ્રતિનિધિ મોહમ્મદ અબ્દુલ રાજિક હતો, જે સાંસદનો સંબંધી પણ છે. એમ પણ કહેવાય છે કે લક્ષદ્વીપ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશને આ ખરીદી માટે કોઈ ટેન્ડર બહાર પાડ્યું નથી. આરોપ છે કે આ ડીલ સાંસદના પ્રભાવ હેઠળ નક્કી કરવામાં આવી હતી. આરોપ મુજબ આરોપીએ કોચીન સ્થિત કંપનીને નિકાસકાર તરીકે ગોઠવી હતી, જે આ માછલીને શ્રીલંકાની એક કંપનીને મોકલવાની હતી. પ્રારંભિક તબક્કામાં આ કોચીન સ્થિત કંપનીને લક્ષદ્વીપ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન તરફથી ૧૦ મેટ્રિક ટન ટુના માછલીનો માલ મળ્યો હતો, જેના માટે તેણે ૬૦ લાખ રૂપિયા ચૂકવ્યા હતા.

સીબીઆઈના જણાવ્યા અનુસાર, આ કેસમાં આરોપ છે કે કોચીન સ્થિત આ નિકાસકાર કંપનીને શ્રીલંકાની કંપની પાસેથી પેમેન્ટ નથી મળ્યું જેના પછી તેણે લક્ષ્યદીપ માર્કેટિંગ એસોસિએશનમાંથી બાકીની ટુના માછલી ઉપાડવાનો ઈન્કાર કરી દીધો. જેના કારણે લક્ષદ્વીપ માર્કેટિંગ એસોસિએશને આ માછલીની માર્કેટ રેટ કરતા ઓછા દરે હરાજી કરવી પડી હતી. જેના કારણે લક્ષ્યદીપ ગ્રૂપ અને ગરીબ માછીમારોને અંદાજે ૯ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. આ મામલામાં કેસ નોંધાયા બાદ આજે દિલ્હી, કેરળ અને લક્ષદ્વીપમાં ૬ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા અને તપાસ ચાલી રહી છે.

# ઊઝરડો



ત્રિશલા:"અ...રે સરલાબેન,શું થયું...?
તમારી આંખમાં આંસુ...??
આ કપાળે 'ઊઝરડો' કેવી રીતે પડ્યો...???"
સરલા:"કાંઈ નહિ...એ તો જરા ટેબલની ધાર વાગી ગઈ."
તેજલ:"ભાભી,શા માટે જૂઠું બોલો છો...???
કહી દો ને કે 'એમણે' પાણીના ગ્લાસનો છુટ્ટો ઘા કર્યો એટલે એની ધારથી ઊઝરડો પડ્યો..."
ત્રિશલા:" હે ભગવાન,આવા નરાધમ રાક્ષસ જોડે શી રીતે રહેવાય...પણ તમે ચિંતા ના કરશો, આ ઊઝરડો તો થોડા દિવસમાં જતો રહેશે."
સરલા:(સ્વગત) "અને મારા હૈયા પર કદિ ના ભૂંસાય એવો ઊઝરડો પડ્યો છે એ જશે ખરો...???"

દીનાઝ પટેલ
નવસારી

# બે મેચોની સરખામણી

આજથી વીસ વરસ પહેલાં કોઇ બમ્બૈયા ફિલ્મ પ્રોડ્યુસર, ડાયરેકટર કે એકટરને કલ્પના( એમની કલ્પના કુંભના મેળામાં બે ભાઇ ખોવાઈ જાય અને મળે તેટલી સિમિત હોય )ન આવે એવી ફિલ્મ બનાવવાનું બીડું આશુતોષ ગોવરીકર, આમીરખાન અને ગ્રેસીસિંહને આવેલ. જેમાં ફિલ્મી ઝાકઝમાળ કે સ્વિટઝરલેન્ડની હસિન વાદિયોમાં હીરો હીરોઇન બરફમાં ગબડે, એકમેક પર બરફના ગચ્ચિયા ઉછાળે, માઈનસ પાંચ ડિગ્રી તાપમાનમાં હીરોઈન સિફોનની ટ્રાન્સપરન્ટ સાડીમાં અંગ પ્રદર્શન કરી હીરોને વીંટળાઇને પ્રેમના ૪૪૦ વોલ્ટના લટકાઝટકા દેખાડતી ન હતી. માલામાલ વિકસી, અર્ધસત્ય કે ચક્ર જેવું વાસ્તવિક નિરૂપણ દેખાડેલું ભુવન નામનો ગામડિયો ક્રિકેટ મેચ રમે છે અને જીતે છે. આ કોઇ આઈપીએલ કે ચેરીટી મેચ ન હતી!!

નયાદૌર ફિલ્મની સફળતાથી પ્રેરાઇને આશુતોષ ગોવરીકરે કથા, પટકથા, દિગ્દર્શન કરેલ.તા.૧૫.૬.૨૦૦૧ના રોજ રિલિઝ થયેલ .ફિલ્મથી હમ પાંચ ટીવી સિરિયલની અભિનેત્રી ગ્રેસીસિંહે હિન્દી ફિલ્મમાં પદાર્પણ કરેલ. ગ્રેસીસિંહ, આમીરખાન,રાચેલ શેલી,પૌલ બ્લેકથાર્ને અભિનયના અજવાળા પાથરેલ. આ ફિલ્મ તે સમયની અત્યંત ખર્ચાળ હતી. તે સમયે રૂપિયા ૨૫ કરોડના ખર્ચે ફિલ્મ બની હતી.અલબત, આ ફિલ્મે ૬૯ કરોડનો ધંધો કરેલ. આ ફિલ્મે ઘણા એવોર્ડ પણ મેળવેલા. ૧૮૯૩ માં બનેલ ઘડવા પર આ ફિલ્મ બનાવી છે. વિક્ટોરિયા રાણાના અમલના ગુસ્તાખ અંગ્રેજ કેપ્ટન એન્ડ્રૂ રસેલને ભુવન નામના ગામડિયાએ ક્રિકેટ મેચમાં હંકારવાની ચેલેન્જ આપેલી. બદલામાં મહેસૂલ માફ કરવાની શરત રાખેલી. કેમ કે, ઘણા વરસોના દુકાળને લીધે પાક નિષ્ફળ થવાના કારણે ગ્રામજનો મહેસુસૂલ ભરી શકયા ન હતા.તેના કારણે મેચ રાખવી પડી હતી!! આ ફિલ્મ એક હક્કની લડાઇ હતી, સંઘર્ષની લડાઇ હતી. વંચિતો અને શાસકની લડાઇ હતી!!એ સમયે ક્રિકેટ મેચનું લાઇવ પ્રસારણ કે રેડીયો કેમેન્ટરી પ્રસારિત થતી ન હતી. અન્યથા આરોહઅવરોહવાળી મેચોમાં કરોડો રૂપિયાનો ઓનલાઇન કે ઓફલાઈન સટો રમાયો હોત!!

કુનેરિયામાં ઓસ્કાર નોમિનેટેડ ઓલ ટાઇમ ગ્રેટ ફિલ્મ લગાનનું શુટીંગ થયેલ હતું!કુનેરિયા ભૂજ તાલુકાનું ગામ છે. કચ્છ જિલ્લા મુખ્ય મથક ભૂજથી ૨૦ કિ.મી દૂર છે. કુનેરિયાની વસ્તી ત્રણ હજાર છે.

લગાન પિકચરના પ્રારંભે જે ખેડૂત પર કેમેરો મંડાયો હતો તે ભીમાસિંહ કાકા કુનેરિયાના વતની છે. અસલમાં ચિત્રા ડુંગરાની નજીક એક ખેતર સાફ કરી અનોખી ક્રિકેટ મેચનું શુટીંગ કરેલ. જેમના ખેતરમાં શૂટિંગ થયેલ તેમનેપ્રોડયુસર આશુતોષ ગોવરીકરે સાત લાખ રૂપિયા ચૂકવેલ હતા.!સતાધીશ સામે નિર્બળ, કેળવાયેલા સામે અણઘડ વચ્ચે ક્રિકેટ મેચ રમાયેલી.ભુવને રીતસર જોખમ કરેલ હતું. જો મેચ જીતી જાય તો મહેસૂલ માફ થાય અને હારી જાય તો અસ્તિત્વનો પ્રશ્ન થાય. લગાન ફિલ્મનું માત્ર શૂટિંગ થયેલું ન હતું પણ મેઇન કલાકારો સિવાય ભીડના દ્રશ્યો ગ્રામજનો પર ફિલ્માવવામાં આવેલા હતા. આ ગ્રામજનોને ખાવાપીવા ઉપરાંત પ્રતિ દિવસ રૂપિયા અઢીસોની જંગી ફી ચુકવાયેલ હતી.

પૈસા માટે લોકો અવારનવાર અવનવા કરબત કરી અને ગુનાહિત પ્રવૃતિઓ કરી નાખતા હોય છે. મેચ પર સટ્ટો રમવો કે રમાડવો, બેટિંગ, જુગાર, જેવા ગુના પોલીસ ચોપડે રોજ નોંધાતા હોય છે. જોકે, મહેસાણા જિલ્લામાં એક અજીવોગરીબ ઘટના સામે આવી છે. જેમાં મહેસાણાના મોલિપૂર ગામના ખેતરમાં ગામડાઓના ખિલાડીઓને રૂપિયા આપીને મેચ રમાડવામાં આવતી હતી. આ મેચનું યુ ટ્યુબ પર લાઈવ પ્રસારણ કરી અને રશિયામાં દેખાડવામાં આવતી હતી. રશિયાથી ખાસ એક માણસ આ તમામ મેચને ઓપરેટ કરતો હતો. આ મેચમાં મોટી ટીમો રમી રહી છે તેવું બતાવી રશિયાના લોકો પાસે કરોડો રૂપિયાનો સટ્ટો રમાડવામાં આવતો હતો.મહેસાણાના મોલિપૂર ગામના ખેતરમાં લોકલ ખેલાડી પાસે મેચ રમાડી યુ ટ્યુબમાં લાઈવ પ્રસારણ કરી રશિયામાં આ મેચને મોટી હાઈપ્રોફાઈલ મેચ બતાવી સટ્ટો રમાડવામાં આવતો હતો. આ સમગ્ર ઘટના સામે આવતા પોલીસે ૪ લોકોને ઝડપી પાડ્યા છે. છેલ્લા ૧૫ દિવસથી આ મેચ રમાડવામાં આવતી હતી. જેમાં દરેક ખેલાડીને એક દિવસના ૪૦૦ રૂપિયા આપવામાં આવતા હતા અને સમગ્ર મેચ બનાવટી હતી. રશિયામાં રહેતો એક શખ્સ આ મેચને ઓપરેટ કરતો હતો.

આ સમગ્ર મેચને યુ ટ્યુબ પર લાઈવ બતાવવામાં આવતી હતી, પરંતુ લાઈવ પ્રસારણ દરમિયાન ક્રિકેટના ગ્રાઉન્ડનું ખાલી ૩૦ યાર્ડ સર્કલ જ બતાવવામાં આવતું હતું. લાઈવ પ્રસારણમાં ફક્ત બન્ને બેસ્ટમેન, બોલર, અમ્પાયર, વિકેટ કિપર અને બાજુમાં રહેલા ખેલાડીઓને જ બતાવવામાં આવતા હતા. જ્યારે ચોગ્ગો કે છગ્ગો લાગ્યો હોય ત્યારે બોલ કઈ દીશામાં ગયો છે કે કેટલા લોકો મેચ જોવા આવ્યાં છે કે તે પ્રકારનું કઈ પણ લાઈવ બતાવવામાં આવતું ન હતું. જો સંપુર્ણ ગ્રાઉન્ડ બતાવવામાં આવે તો સાયદ લોકોને મેચ ઉપર શંકા જઈ શકે તેમ હતી. આ કારણથી જ લાઈવ પ્રસારણમાં ખાલી ૩૦ યાર્ડ સર્કલ જ બતાવવામાં આવતું હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે.એક મેચ મહેસૂલ-લગાન માફ કરવા માટે હતી. સમાજોપયોગી હેતુ માટે રમાયેલી હતી. વિદેશની પ્રશિક્ષિત ટીમ સામે અશિક્ષિત ગામડિયાની હતી. જ્યારે બીજી મેચ મહેસૂલ -સટાના માધ્યમથી કમાવા માટે હતી. જેમાં એલઈડી ટીવીથી પ્રસારણ યુટયુબથી રશિયામાં સટો રમવા માટે રમતા હતા.બંને મેચમાં ખેતમજૂર-ખેડૂતો રમેલા. આમ, મેચ એક લગાન હતી. બીજી મેચ ભુગતાન હતી.

ભરત વૈષ્ણવ
૧૨.૭.૨૦૨૨.

# ઓનલાઈન/ઓફલાઈન

લાઈટ,ગેસના બીલ ઓન લાઇન ભરવાના,
વાહન ફ્યુલના બીલ ઓનલાઈન ભરવાના.
કોઈ ખરીદીના બીલ ઓનલાઈન ભરવાના,
કોઈને ચૂકવવાના બીલ ઓનલાઇન ભરવાના.
બધે ફીઝીકલ ટ્રાન્ઝેકશન પર ચોકડા મારવાના
તમામ વ્યવહારો ડીજીટલ ઓનલાઈન કરવાના.
ઓફલાઈન જન્મ?એનું ઓનલાઈન ન કરવાના?
ઓફલાઈન મરણ?એનું ઓનલાઈન ન કરવાના
ભરત વૈષ્ણવ

# પુર અને વરસાદના કારણે અત્યાર સુધીમાં ૨૧૮ લોકોના મોત થઈ ચુકયા છે

નવીદિલ્હી,તા.૧૩,

મહારાર્ષ્ટ્ર, ગુજરાત અને મધ્ય પ્રદેશ સહિત અન્ય રાયોમાં પમ ભારે વરસાદના કારણે જનજીવન અસ્ત વ્યસ્ત થયું છે. પુર અને વરસાદના કારણે અત્યાર સુધીમાં ૨૧૮ લોકોના મોત થઈ ચુકયા છે. મહારાર્ષ્ટ્રમાં એકલા પુરના કારણે ૮૪ લોકોના મોત થયા છે. મહારાર્ષ્ટ્રના ૬ જિલ્લામાં હવામાન વિભાગે રેડ એલર્ટ જાહેર કયુ છે. નાગપુરથી લઈને નાસિક સુધી હાહાકાર મચેલો છે.

મહારાર્ષ્ટ્રમાં પુર અને ભારે વરસાદના કારણે અત્યાર સુધીમાં ૮૪ લોકોના મોત થઈ ચુકયા છે. ગઢચિરૌલી અને અકોલામાં પુરના કારણે કહેર છે. કેટલાય વિસ્તારો જળમ થયા છે. ચારેતરફ પાણી દેખાઈ રહ્યું છે. અહીં એનડીઆરએફની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે, તથા રેસ્ક્યૂ ઓપરેશન ચાલી રહ્યું છે.અકોલામાં નદીઓ ગાંડીતૂર બની છે. મહારાર્ષ્ટ્રના ૬ જિલ્લામાં રેડ એલર્ટ છે. હવામાન વિભાગે પાલઘર, નાસિક, રાયગડ, પુણે, સતારા અને કોલ્હાપુરમાં ભારે વરસાદની ચેતવણી આપી છે. પુરગ્રસ્ત વિસ્તાર પર સીએમ એકનાથ શિંદેની નજર છે.

છત્તીસગઢ અને મધ્ય પ્રદેશમાં પણ ભારે વરસાદની સ્થિતિ છે. છત્તીસગઢના ૨ જિલ્લામાં રેડ એલર્ટ છે. છત્તીસગઢમાં આકાશી આફતથી આગળ બાળકો ભયભીત છે. સુકમામાં ભારે વરસાદથી ગામડામાં પાણી ભરાઈ ગયા છે. રસ્તા તૂટી ગયા છે. ત્યારે આવા સમયે પાણીમાંથી બાળકોને બહાર કાઢવા માટે વાસણોમાં બેસાડીને લઈ જઈ રહ્યા છે. તો વળી બસ્તરમાં ભારે વરસાદના કારણે શાળાઓ બધં કરી દેવામાં આવી છે.

મધ્ય પ્રદેશમાં ૧૪ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. મધ્ય પ્રદેશમાં પુરના કારણે અત્યાર સુધીમાં ૬૬ લોકોના મોત થઈ ચુકયા છે. એમપીના સાગરમાં ભારે વરસાદના કારણે રેલ્વે લાઈનની ચારેતરફ પાણી ભરાયેલું છે. રેલ્વે ક્રોસિંગને પાર કરવા માટે બનાવેલો પુલ પાણીમાં તૂટી ગયો છે. કેટલીય જગ્યાએ વિજળી પડવાના કારણે ૩ બાળકોના પણ મોત થયા હોવાનું કહેવાય છે.

ગુજરાતના કેટલાય જિલ્લામાં ભારે વરસાદે કહેર મચાવ્યો છે. રાયમાં વરસાદની શઆતથી લઈને અત્યાર સુધીમાં ૬૦થી વધારે લોકોના મોત થયા છે. એનડીઆરએફની ૧૩ ટીમો અલગ અલગ જગ્યાએ તૈનાત કરી દેવામા આવી છે. તો વળી નર્મદા નદીમાં પુરના કારણે પ્રશાસન સતર્ક થયું છે. ભચ અને નર્મદા જિલ્લામાં કેટલાય વિસ્તારોમાં એલર્ટ જાહેર કરાયું છે.

ઉત્તરાખંડમાં ભારે વરસાદના કારણે લોકો મુશ્કેલીઓમાં આવ્યા છે. કોટદ્વારમા એક મકાન પાણીમાં તણાઈ ગયું છે. કેટલાય જિલ્લામાં હાલત કપરી છે. કોટદ્વારમાં ભારે વરસાદના કારણે નદીઓ ગાંડીતૂર બની છે. મંગળવારે કોટદ્વારમાં બે કલાક સુધી મૂશળધાર વરસાદ ખાબકયો હતો. જેના કારણે પુરની સ્થિતિ થતાં કેટલાય ઘરો પાણીમાં ડૂબાઈ ગયા છે.

# ગુજરાત બાદ ઉત્તર પ્રદેશમાં નકલી આઈપીએલનો પર્દાફાશઃ પાકિસ્તાન-રશિયામાં બેસીને બુકીઓ સટ્ટો રમાડતાં હતાં

**ગામડાના ખેલાડીઓને થોડા પૈસા આપીને મેચ રમાડવામાં આવતી હતી અને આ જ મેચો ઉપર રશિયાથી સટોડિયાઓ સટ્ટો રમતા હતા.**

નવીદિલ્હી, તા.૧૩

ગુજરાતમાં આઈપીએલની તર્જ પર રમાનારી નકલી ક્રિકેટ લીગનો ખુલાસો થયા બાદ હવે ઉત્તર પ્રદેશમાં પણ આવી જ લીગનો પર્દાફાશ થયો છે. આ લીગનું નામ 'બિગબૉસ ટી-૨૦ પંજાબ લીગ' છે. અહીં પણ આઈપીએલની જેમ જ મેચ રમાડવામાં આવી રહી હતી. ગામડાના ખેલાડીઓને થોડા પૈસા આપીને મેચ રમાડવામાં આવતી હતી અને આ જ મેચો ઉપર રશિયાથી સટોડિયાઓ સટ્ટો રમતા હતા. આ લીગ મેરઠમાં પાછલા ચાર-પાંચ મહિનાથી ચાલી રહી હતી. પોલીસે આ કાંડમાં સંડોવાયેલા બે લોકોને પકડ્યા છે.

નવીદિલ્હીથી લગભગ ૬૦ કિલોમીટર દૂર મેરઠના ક્રિકેટ મેદાન પર 'બિગ બોસ ટી-૨૦ પંજાબ લીગ'ની મેચ રમાડવામાં આવતી હતી અને સટોડિયાઓ 'ક્રિકહિરોઝ' નામની મોબાઈલ એપ દ્વારા સટ્ટો રમતા હતા. આ આખી લીગને રશિયાની રાજધાની મોસ્કોમાં બેઠેલો માસ્ટર માઈન્ડ સંચાલિત કરતો હતો. પોલીસે મેરઠ બાયપાસ રોડ પાસે બે આરોપીઓને પકડ્યા છે જેની ઓળખ શિતાબ ઉર્ફે શબ્બુ અને ઋષભના રૂપમાં થઈ છે. હાપુડ એસપી દીપક ભુકરે કહ્યું કે દરેક મેચના આયોજન માટે માસ્ટર માઈન્ડ અશોક ચૌધરી ઋષભને ૪૦થી ૫૦ હજાર રૂપિયા ચૂકવતો હતો. ખેલાડીઓને પણ દરેક મેચ માટે પૈસા આપવામાં આવતા હતા. શિતાબ અને ઋષભના વોટસએપ કોલ અને મેસેજ દ્વારા ખુલાસો થયો છે કે ફોન નંબર રશિયાના હતા અને એક નંબર પાકિસ્તાનનો પણ હતો. પોલીસ અત્યારે આ નંબરોની તપાસ કરી રહી છે.

એસપી ભુકરે કહ્યું કે આરોપીઓ પાસે વૉલીબોલ મેચોના વીડિયો પર મળ્યા હતા અને તેઓ આ મેચો ઉપર સટ્ટો લગાડવાની યોજના બનાવી રહ્યા હતા. પોલીસે કહ્યું કે તપાસ બાદ એવો ખુલાસો થયો છે કે આ રેકેટનો માસ્ટર માઈન્ડ અશોક ચૌધરી હતો જે રશિયાથી લીગ ચલાવનારા આસિફ મોહમ્મદના સંપર્કમા હતા. ગેંગની રીતભાત અંગે પોલીસે કહ્યું કે આરોપી સ્થાનિક યુવકોને પૈસા આપીને મેચ રમાડતો હતો પરંતુ એપ ઉપર તેની જગ્યાએરણજી ખેલાડીઓના નામ અપલોડ કરી દેવામાં આવતા હતા. મેચ યુ-ટ્યુબ ઉપર લાઈવ સ્ટ્રીમ (પ્રસારિત) થતાં હતા અને આ મેચ ઉપર જ સટોડિયા પૈસા લગાવતા હતા. પોલીસે જણાવ્યું કે બન્ને આરોપીઓ પાસેથી ૧૫૧૫૦ની રોકડ, ૭૮૦૦ શ્રીલંકાઈ રૂપિયા, ૭ મોબાઈલ ફોન, બે ડેબિટ કાર્ડ, બે કેમેરા, એક એલસીડી મોનિટર અને સટ્ટામાં ઉપયોગ થતા અનેક ઉપકરણો મળી આવ્યા છે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

NOG સાહિત્ય સરિતા પરિવાર ૧.

NOG NO. S.S. 0059.

વિષયઃ 'દ્રષ્ટિ તેવી સૃષ્ટી

'પ્રકારઃ ગદ્ય- લેખ.

શીર્ષકઃ 'ચાલો કેળવીએ સમ દ્રષ્ટિ '.

શબ્દોઃ ૩૨૫.

©જયકાન્ત ઘેલાણી - 'પ્યારે'.



આજનો વિષયછે, દ્રષ્ટિ !

દ્રષ્ટિ ! શબ્દ સાંભળતાજ આપણી સમક્ષ પ્રજ્ઞાચક્ષુનુ-

દ્રષ્ટિહીન વ્યક્તિનુ દ્રષ્ય સામે દેખાય! જરાસી કલ્પના,પણ

આપણા શરીરમાં તીણી કંપારી જન્માવેછે અને આપણે દ્રષ્ટિહીન ના વિચારમાં વ્યસ્ત બની જઈએ છીએ !

શુ આપણે દ્રષ્ટિ આપનાર દયાળુ' ઈશ્ર્વરનો કદી દ્રષ્ટિ આપવા માટે આભાર માન્યોછે ?

પ્યારે', 'ચક્ષુ દાન'પ્રવૃતિનુ ઘણુંજ સરસ સૂત્રછે,

ચક્ષુ દાન

મહા દાન.

દાન નો વિશેષ મહિમા વધારતું સૂત્ર, આપણને ચક્ષુ સાથે દ્રષ્ટિ ની માનવ જીવનમા કેટલી આવશ્યકતા છે તે જણાવેછે.

આપણી દ્રષ્ટિ કેવીછે,તે દરેક સમજુ માણસ પારખી જતો હોયછે, માણસની દ્રષ્ટિ એજ જીવનનું બેરોમીટરછે.

દરેક વસ્તુ ને પ્રસંગને હકારત્મક

જોનાર વ્યકિત પરિવાર,સમાજમા અને વિશ્ર્વમા પૂજાયછે અને તે ફાવેછે જ્યારે નકારાત્મક દ્રષ્ટિએ

જોનાર દરેક જગ્યાએ અનાદર પામેછે, નિષ્ફળતાને વરેછે.

આમ જુઓ તો દ્રષ્ટિ નો એક ઘણોજ ઊતમ- ગંભીર અર્થ એટલે આધ્યાત્મિક

દિવ્યદ્રષ્ટિ!

જે વ્યકિત ની 'દ્રષ્ટિ'

આધ્યાત્મિક પંથે વળેછે તે વ્યક્તિ જીવનમા, ઘણીજ પ્રગતિ કરી માનવજીવન ને સાર્થક કરે છે. આત્માને ઓળખવા સુદ્રઢ બનેછે.

મહાભારતમાં આવતા પાત્ર સંજય ની અલૌકિક દ્રષ્ટિ,એ પણ એક દ્રષ્ટિનો જ પ્રકાર છે.

આપણી જાણીતી કહેવત,

' જેવી દ્રષ્ટિ, તેવી સૃષ્ટી'

માનવ દ્રષ્ટિ નો એક પ્રકારનો માપદંડ જ ગણી શકાય.

બાણાવળી અર્જુનની,એક લક્ષી દ્રષ્ટિથીજ તે માછલીની આંખ વિધંવામા સફળતા હાંસીલ કરી શકયો.

આપણા સંસ્કાર વારસામાં પણ જણાવેછે કે સમગ્ર જીવસૃષ્ટિ ને સમદ્રષ્ટિથી જૂઓ.

જેટલી આપણી દ્રષ્ટિ નિર્મળ તેટલાં આપણે વધુ સુખી.

આપણા મૃત્યુ બાદ પણ પરિવારને,ચક્ષુદાન આપવાનું જણાવું ઘણુજ આવશ્યક,

મૃત્યુ બાદ જરૂરતમંદને 'દ્રષ્ટિ'

આપી માનવભવની ફરજ અદા કરિએ.

# ઝારખંડના ધનબાદમાં પુલ ધરાશાયી થતાં ૪ મજૂરોના મોત,અનેક ઘાયલ

ધનબાદ,તા.૧૩

ઝારખંડના ધનબાદમાં એક મોટી દુર્ઘટના સર્જાઇ હતી . ધનબાદમાં નિર્માણાધીન પુલના કાટમાળ નીચે દબાઈ જવાથી ચાર લોકોના મોત થયા છે. નિર્માણાધીન પુલના કાટમાળ નીચે દબાઈ જવાથી ઘણા લોકો ઘાયલ પણ થયા છે.મળતી માહિતી મુજબ ધનબાદના પ્રધાનખંટા અને રખિતપુર વચ્ચે પુલનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. આ નિર્માણાધીન પુલ નજીકથી પણ લોકો આવતા-જતા રહે છે. મંગળવારે રાત્રે પણ બધું સામાન્ય હતું. લોકો આવતા-જતા હતા. દરમિયાન મંગળવારે રાત્રે અચાનક અકસ્માત સર્જાયો હતો. નિર્માણાધીન પુલનો એક ભાગ જમીન પર પડ્યો હતો.

સ્થળ પર સર્વત્ર કાટમાળના ઢગલા હતા. જોરદાર અવાજ સાંભળીને આસપાસના લોકો પણ સ્થળ તરફ દોડી આવ્યા હતા. લોકોએ તાત્કાલિક પોલીસ પ્રશાસનને પણ ઘટનાની જાણ કરી હતી. માહિતી મળતા જ પોલીસની ટીમ અને બચાવ ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પુલના કાટમાળ નીચે ફસાયેલા લોકોને બચાવીને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ ચારને મૃત જાહેર કર્યા.

સંબંધીઓ અને ગ્રામજનો આ ઘટના માટે સેન્સર અને રેલવે મેનેજમેન્ટને જવાબદાર માની રહ્યા છે. તે જ સમયે, તેઓ આ મામલાની ઉચ્ચ સ્તરીય તપાસ, ઘટના માટે જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી અને વળતરની માંગ કરી રહ્યા હતા. મોડી રાત્રે ૧૨.૧૫ વાગ્યે ડીઆરએમ આશિષ બંસલ રેલ્વે અધિકારીઓ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને સ્ટોક લીધો હતો. ડીઆરએમના આગમનના થોડા સમય બાદ બલિયાપુરના બીડીઓ અમિત કુમાર, સીઓ રામપ્રવેશ કુમાર પહોંચ્યા. જીલ્લા પ્રેમ કુમાર તિવારી ત્યાં પહોંચ્યા હતા.

# વાર્તા : મારી રૂપા

વાર્તા : મારી રૂપા

સર્જક : અલ્પા ભટ્ટ પુરોહિત (વડોદરા)

તારીખ : ૨૭-૦૬-૨૦૨૨

રૂપા અને હું, મીશા પહેલેથી પાડોશી. શેરીમાં, શાળામાં અને કોલેજમાં, બધે જ સાથે. પણ, લાંબી, પાતળી અને આકર્ષક પણ ફિક્કી આંખોવાળી રૂપા પિકનિક કે મિત્રોની મિજબાનીમાં ક્યારેય ન આવે. એક જ વાત, 'મમ્મી પપ્પા નહીં માને.' જેમ જેમ સમય વીતતો ગયો, તે વારંવાર હાંફી જાય, બેસી પડે, ક્યારેક તો તેની મમ્મીને ફોન કરીને બોલાવાય અને તેઓ રૂપાને ઘરે તેડી જાય. પછી બે-ત્રણ દિવસ રૂપા ગાયબ. આવે ત્યારે વધુ થાકેલી જણાય. જેમ જેમ વર્ષો વીતતાં ગયાં તેમ તેમ તેની તકલીફ વધવા લાગી. હું પૂછવા જાઉં તો રૂપા વાત બદલી એવી મઝાની વાતો માંડે કે હું તેની આંખો અને મોં ઉપરના ભાવને માણતી રહું. તેનાં માતા - પિતા પણ કોઈ સાથે બહુ હળેભળે નહીં જેથી, વાત શું છે એ કોઈનેય જાણ જ નહીં.



કોલેજમાં વાણિજ્ય શાખામાં સ્નાતકની પદવી માટેની છેલ્લી પરીક્ષા પછીનાં જ અઠવાડિયે રૂપાની સગાઈ થઈ ગઈ અને મહિનામાં જ ઘડિયા લગ્ન પણ. પછી ક્યારેય રૂપા તેના પિયર પાછી આવેલી નહીં. કેટલાંય કાલાવાલા કર્યાં પણ, તેની મમ્મીએ ન તો મને રૂપાનું સરનામું આપ્યું કે ન તો તેનો ફોન નંબર. મેં એમ. બી. એ. માં પ્રવેશ લીધો અને ડિગ્રી મળ્યા બાદ નોકરી મેળવી. પછી દોઢ વર્ષે મારી સગાઈ પપ્પા મમ્મીએ પસંદ કરેલા અને મેં મહોર મારેલા સોહામણા ઋષભ સાથે થઈ. લગ્નના દિવસે માંહ્યરામાં પ્રવેશતાં જ અણવરરૂપે રૂપાના પતિ પારસને જોઈ હું આભી જ બની ગઈ. સમગ્ર વિધિ દરમિયાન મારું ધ્યાન પારસ ઉપરથી ખસતું જ નહોતું. ધીમેથી ઋષભે મને કહ્યું, 'મને ખબર છે, તું મને નહીં અને પારસને કેમ ઘૂરે છે. કાલે સાક્ષાત રૂપા જ મળશે તને.' કાંઈક ખુશીથી અને શરમથી મારી આંખો હસીને ઢળી ગઈ.

મારો સંપૂર્ણ રસ હવે કાલે રૂપાને મળવામાં હતો. ઋષભ એટલાં તો સહૃદયી હતાં કે, 'આજે આખી રાત્રિ આપણે એકબીજાનાં મનની નજીક એવી વાતો જાણવામાં વીતાવીશું.' કહી મારી સાથે અલકમલકની ગોઠડી માંડી. સવાર થતાંમાં અમે બંને નાહીને, તૈયાર થઈ ઘરનાં પૂજાઘરમાં અને ઋષભનાં વડીલોને પગે લાગ્યાં. બપોરનાં ભોજનમાં મેં શુકનનો કંસાર રાંધ્યો અને જમીને વડીલોની આજ્ઞા લઈ અમે બહાર નીકળ્યાં. પાંચમી મિનિટે ઋષભે એક ઘર આગળ અમારી ગાડી થોભાવી. ગાડીમાંથી ઉતરી અમે બારણે જઈ ઘંટડી વગાડી. પારસે બારણું ઊઘાડ્યું અને અમને ઉમળકાભેર આવકાર આપ્યો. સોફા ઉપર નિસ્તેજ આંખોથી હસતી હાડકાંનાં માળા સમ રૂપા દેખાઈ.

મને રૂપાને વહાલ અને ઉમળકાથી ભીંસી નાખવાનું મન થયું પણ તેની કૃશકાયા ઉપર ઉપકાર કરી મેં તેને હળવું આલિંગન આપ્યું. 'તમે બેય આનંદથી વાતો કરો.' કહી અમારાં બંનેનાં પતિ ઉપરના માળનાં ઓરડામાં બેઠાં. મારાથી હવે રહેવાયું નહીં. તેની હથેળી મારી બે હથેળીઓ વચ્ચે હળવેથી દબાવી મેં પૂછી જ લીધું,'કેમ લગ્ન પછી તું દેખાઈ જ નહીં? મને તો સાવ જ ભૂલી ગઈ?' રૂપાની આંખો છલકાઈ ઊઠી. મેં મારાં હાથરૂમાલથી હળવેથી તેની ઊંડી ઉતરી ગયેલી ચમકતી આંખોનાં આંસુ લૂછ્યાં અને તેણે મારી હથેળી ઝાલી કહ્યું, 'તને ખબર છે, હું મા બનવાની છું?' કોઈપણ સ્ત્રી માટે અનહદ આનંદની પળ હોય છે જ્યારે, તેને જાણ થાય કે તે માત બનવાની છે. પણ અહીં રૂપાનાં મોં ઉપર દર્દ મિશ્રિત ખુશી હતી. મેં આંખોથી જ પ્રશ્ન કર્યો. તે બોલી, 'પણ, તેને ઉછેરવા હું નહીં બચું.' મને ધ્રાસ્કો પડ્યો, 'એમ કેમ બોલે છે? તને શું થવાનું વળી?'

'મારું હૃદય પહેલેથી નબળું, મમ્મી - પપ્પાએ કાચની પૂતળીની માફક સાચવી, મને મારી પીડાની જાણ પણ, એ સાથે મારાં ખૂટતા શ્વાસનો કોઈ રિપોર્ટ મારાં હાથમાં ન આવે તેની તકેદારી લીધી. પારસ અને તેનાં ઘરનાંથી આ હકીકત છુપાવી મારું લગ્ન કરાવી દેવાયું.' બોલતાં રૂપાને હાંફ ચઢ્યો અને થોડી ખાંસી પણ. મેં બાજુની ટીપોય ઉપરથી પાણીનો પ્યાલો તેને ધર્યો. તેની ખાંસીનો અવાજ સાંભળી પારસ ધડધડ દાદર ઉતરતાં નીચે આવ્યાં. પાછળ ઋષભ પણ આવ્યાં. પારસે રૂપાની પીઠ પસવારી તેની બાજુમાં બેઠાં. તેને ચૂપ રહેવાનો ઈશારો કરી, 'આથીયે જોરદાર હુમલો રૂપાને લગ્નના ત્રીજા જ દિવસે આવેલો. અમે તેને ફેમિલી ડોક્ટર પાસે લઈ ગયાં અને તેમની સલાહથી તેનાં રિપોર્ટસ કઢાવતાં જાણ થઈ કે, રૂપાનું હૃદય તેને ગમે ત્યારે દગો દઈ ધબકતું બંધ થઈ જશે. અમારાં જ નહીં, રૂપાના માથેય આ જાણીને વીજળી પડેલી. તેને જાણ હોત તો તે ક્યારેય લગ્ન કરી મારી જીંદગી ન બગાડત એવું તો તે મને વારંવાર કહે છે.' પારસનો અવાજ ગળગળો થઈ ગયો.

રૂપાએ સ્વસ્થ થઈ આગળ વાત માંડી, 'મારી આ વિષયમાં નિર્દોષતા જોઈ, આખાંયે કુટુંબે મને કોઈ દ્વેષ વિના અપનાવી લીધી પણ, મારાં મમ્મી - પપ્પાએ કરેલ છેતરપિંડી બદલ તેમની સાથેનાં સંબંધો ઉપર પૂર્ણવિરામ મૂકાવી દીધું. હું આટલાં પ્રેમાળ જીવનસાથી અને પરિવારને છોડી ગમે ત્યારે મૃત્યુને આધીન થઈશ, અફસોસ એ વાતનો છે.' પારસ બોલ્યાં, 'અને આ ભોળી છોકરીએ તે વાતનો બદલો વાળવા મને બાળકની ભેટ આપવા મજબૂર કર્યો. એ નિશ્ચિત જ છે કે બાળકનાં જન્મ પછી તે ક્યારેય ઊભી નહીં થઈ શકે.' હું તો સ્તબ્ધ જ થઈ ગઈ. ઋષભ મારી બાજુમાં જ બેઠાં હતાં., તેમણે મારાં ખભે ધીમેથી હાથ મૂકી મને સાંત્વના આપી. 'કોનો ત્યાગ મોટો?' હું વિચારતી જ રહી ગઈ. બરાબર પચીસ દિવસ પછી રૂપાની તબિયત લથડતાં ડોક્ટરની સૂચના પ્રમાણે તેને નર્સિંગહોમમાં દાખલ કરાઈ. ઓપરેશન કરી છ જ મહિનાનું વણપોષાયેલું નવજાત લઈ લેવાઈ તેને નિયોનેટલ કેરમાં ખસેડાયું, જેનું ધ્યાન રાખવાં રૂપાનાં સાસુ-સસરા અને બાળકોનાં ડોક્ટર એવાં જેઠાણી ખડે પગે હતાં. રૂપાનું ધ્યાન રાખવા પારસ તેમના મોટાભાઈ અને ઋષભ સાથે હું યે હતી. ડોક્ટર્સની કોશિશો છતાં રૂપાનાં અંતિમ શ્વાસ તેનાં ચાર દિવસના બાળકને કાચની દીવાલની પેલેપારથી ધરાઈને જોઈને ખૂટી પડ્યાં. બે વર્ષ વીતી ગયાં, પારસ અને તેમના પરિવારે પેલાં નાનકડાં, નબળાં શિશુને ભરાવદાર શરીરવાળાં, ચપળતાથી ભરેલાં અને તીક્ષ્ણ બુદ્ધિથી ઊભરાતાં શિવમમાં રૂપાંતરિત કરી દીધું છે. પારસનાં ભાભીને જ તે 'મમ્મી' કહે છે. અને હું તો માસી ખરી જ. તેનો હસતો ચહેરો જોઈ સમજાતું નથી કે, રૂપાની આ બહાદુરી પર ગર્વ લેવો કે તેની વિદાયનું દુઃખ કરવું.

બાહેધરીઃ હું અલ્પા ભટ્ટ પુરોહિત એ વાતની બાંહેધરી આપું છું કે ઉપરોકત વાર્તા, 'મારી રૂપા' મારી સ્વરચિત અને મૌલિક કૃતિ છે અને તે આ પહેલાં ક્યાય મોકલવા કે પ્રકાશિત કરવામાં આવી નથી.

આભાર

અલ્પા ભટ્ટ પુરોહિત

વડોદરા

# અગ્નિપથ યોજના વિરુદ્ધ સુપ્રીમ કોર્ટ ૧૫ જુલાઈએ સુનાવણી કરશે, નોટિફિકેશન રદ કરવાની માંગ છે

નવીદિલ્હી,તા.૧૩

સુપ્રીમ કોર્ટે સેનામાં ભરતી માટે નવી અગ્નિપથ યોજના વિરુદ્ધ દાખલ અરજીઓની સુનાવણી માટે તારીખ નક્કી કરી છે. કોર્ટે આ અરજીઓની સુનાવણી શુક્રવાર, ૧૫ જુલાઈએ કરવાનો નિર્ણય કર્યો છે. જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને એએસ બોપન્નાની બેન્ચ આ અંગે સુનાવણી કરશે. આ ભરતી યોજના વિરુદ્ધ ઘણી અરજીઓ દાખલ કરવામાં આવી છે, જેમાંથી કેટલીકએ તેની સૂચનાને રદ કરવાની માંગ કરી છે. સાથે જ એક અરજીમાં આ યોજના લાગુ કરતાં પહેલા એક પેનલની રચના કરીને તેનો અભિપ્રાય લેવાની માંગ કરવામાં આવી છે. ગયા મહિને દેશના વિવિધ ભાગોમાં આ યોજનાનો જોરદાર વિરોધ થયો હતો.

ખાસ કરીને યુપી, બિહાર, હરિયાણા, રાજસ્થાન અને તેલંગાણા જેવા રાજ્યોમાં હિંસક દેખાવો થયા હતા. ૫ જુલાઈએ પણ અગ્નિપથ યોજના વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં બીજી અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજી પૂર્વ સૈનિક રવિન્દ્ર સિંહ શેખાવતે દાખલ કરી છે. તેમણે પોતાની અરજીમાં કહ્યું હતું કે અગ્નિપથ યોજના માટે રક્ષા મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલ નોટિફિકેશન ગેરકાયદેસર, ગેરબંધારણીય છે. આ સિવાય તે બંધારણમાં આપવામાં આવેલા અધિકારોનું પણ ઉલ્લંઘન કરે છે. ખાસ કરીને આ અરજીમાં એવા ઉમેદવારો અંગે પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો, જેઓ પહેલેથી જ ચાલી રહેલી ભરતી યોજનાનો ભાગ છે અને તેઓએ હવે તેમાં નવેસરથી અરજી કરવાની રહેશે.

શેખાવતે પોતાની અરજીમાં કહ્યું હતું કે, આ નવી ભરતી યોજનાથી તે ઉમેદવારોનું ભવિષ્ય અધ્ધર છે, જેઓ છેલ્લા ઘણા સમયથી તૈયારી કરી રહ્યા હતા. એક તરફ તેઓ કોરોનાને કારણે ભરતીનો ભાગ બની શક્યા ન હતા અને હવે આ પ્રક્રિયાએ તેમને આગળ ધકેલી દીધા છે.

અરજીમાં કહેવામાં આવ્યું હતું કે જે ઉમેદવારો જૂની ભરતી યોજનાનો ભાગ હતા તેમણે હવે નવેસરથી તૈયારી કરવી પડશે. આમ કરવું ખોટું છે કારણ કે તેમને અડધા સિવાયની કોઈપણ નવી ભરતી પ્રક્રિયામાં સામેલ કરી શકાય નહીં. જેના કારણે વિદ્યાર્થીઓનો સમય બગડે છે તો બીજી તરફ નવી ભરતીમાં તેમને કોઈ પ્રાથમિકતા આપવાનું વચન આપવામાં આવ્યું નથી.

# પત્નીને જીવતી સળગાવી હત્યા બદલ પતિને માત્ર પાંચ વર્ષની સજા, જજનું પદ ગયું

## મધ્યપ્રદેશના લીના દીક્ષિત સામે લેવાયેલા પગલાને સુપ્રીમે યોગ્ય ઠેરવ્યા

ભોપાલ,તા.૧૩

મધ્યપ્રદેશમાં પત્નીને જીવતી સળગાવીને હત્યા કરનારા પતિને એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ લીના દીક્ષિતે દોષી તો ઠેરવ્યો પણ સજા માત્ર પાંચ વર્ષની જ આપી હતી. આ મામલાની નોંધ લઈને હાઈકોર્ટે લીના દીક્ષિત પાસેથી એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજનું પદ પરત લઇ લેવાનો નિર્ણય લીધો હતો. આ નિર્ણયને હવે સુપ્રીમ કોર્ટે પણ યોગ્ય ઠેરવ્યો છે. જેને પગલે એક અપરાધીને ઓછી સજા કરવા અને બાદમાં ચુકાદામાં જ છેડછાડ કરવી ભારે પડી ગઇ હતી.

મધ્ય પ્રદેશના એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજની કોર્ટમાં પતિ દ્વારા પત્નીની દહેજ માટે હત્યાનો મામલો આવ્યો હતો. પત્નીએ મરતા પહેલા બધી જ હકિકત પોલીસને જણાવી દીધી હતી. ઘટના સ્થળેથી કેરોસિન પણ મળી આવ્યું હતું. તપાસમાં સાબિત થયું કે પતિએ જ પત્નીને જીવતી સળગાવીને તેની હત્યા કરી નાખી હતી. એડીજે લીના દીક્ષિતે કેસની સુનાવણી કરી હતી અને પતિને ૩૦૨ની કલમ હેઠળ દોષી ઠેરવ્યો હતો. જોકે તેને માત્ર પાંચ જ વર્ષની જેલની સજા કરી હતી. જ્યારે સીઆરપીસીની કલમ ૩૦૨ હેઠળ દોષી ઠરેલા વ્યક્તિને ફાંસી અથવા આજીવન કેદની સજાની પણ જોગવાઇ છે.

અપરાધ આટલો ગંભીર હોવા છતા માત્ર પાંચ જ વર્ષની સજા અપાઇ હોવાથી તેની ભારે ચર્ચા જાગી હતી. જેને પગલે બાદમાં એડીજે લીના દીક્ષિતે પોતાના ચુકાદાની સમિક્ષા કરી હતી અને પોતાની જ રીતે ૩૦૨ની કલમ હટાવીને મામલો ૩૦૪એનો બનાવી દીધો હતો જેમાં મહત્તમ બે વર્ષની સજાની જ જોગવાઇ છે. જ્યારે દહેજ-હત્યાનો મામલો ૩૦૪બી અંતર્ગત આવતો હોય છે જેમાં સાત વર્ષ સુધીની સજાની જોગવાઇ છે. જેને આજીવન કેદ સુધી પણ લંબાવી શકાય. સમગ્ર મામલો પ્રશાસકીય સમિતિ પાસે પહોંચ્યો હતો, સમિતિએ જજના પદેથી લીના દીક્ષિતને હટાવવાની ભલામણ કરી હતી જેને મધ્ય પ્રદેશ હાઇકોર્ટે સ્વિકારી લીધી હતી. જેથી બાદમાં લીના દીક્ષિત દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી થઇ હતી, જોકે સુપ્રીમ કોર્ટે હાઇકોર્ટના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો હતો. જેથી હવે લીના દીક્ષિતને જજનું પદ પરત આપવામાં નહીં આવે.

# પંજાબની સ્કૂલોમાં મોબાઈલ પર રોક, બાળકો પાસે જીપીએસવાળી સ્માર્ટ બેગ, હવે પરિવારની ચિંતા દૂર થશે




ચંદીગઢ,તા.૧૩

બાળકો સામે વધતી ગુનાહિત ઘટનાઓને રોકવા માટે પંજાબ સરકાર અનેક પગલાં લઈ રહી છે. શાળાના બાળકો માટે જીપીએસ ટ્રેકર ઉપકરણોથી સજ્જ સ્માર્ટ સ્કૂલ બેગની વ્યવસ્થા કરવાની વાત કરવામાં આવી છે. જો તમામ બાળકો પાસે જીપીએસ સાથેની સ્માર્ટ બેગ હોય તો માતાપિતાને ઓછી ચિંતા થઈ શકે છે. અત્યારે મોટાભાગની શાળાઓમાં મોબાઈલ ફોનની મંજૂરી નથી. આવી સ્થિતિમાં બાળકોના વાલીઓને ત્યારે જ રાહત મળે છે જયારે બાળકો શાળાનો સમય પૂરો થયા બાદ સુરક્ષિત ઘરે પરત ફરે છે.

ઘણા વાલીઓ કહે છે કે નવી સરકારે શાળાના બાળકોની સુરક્ષા પર વિશેષ ધ્યાન આપવુ જોઈએ. વાલીઓની આ ચિંતાનો ઉકેલ જીપીએસ ટ્રેકર ઉપકરણથી સજ્જ સ્માર્ટ સ્કૂલ બેગના રૂપમાં સામે આવ્યો છે. સ્માર્ટ સ્કૂલ બેગની મદદથી માતા-પિતા દરેક ક્ષણે તેમના બાળકની હિલચાલ પર નજર રાખી શકે છે. એક વાર ચાર્જ કરવા પર ઉપકરણ ૧૨થી ૧૫ કલાક કામ કરે છે. આ માટે અલગથી ચાર્જરની જરૂર નથી. બેગમાં ચાર્જિંગ કેબલને સામાન્ય સોકેટમાં પ્લગ કરીને તેને માત્ર અડધા કલાકમાં ચાર્જ કરી શકાય છે.ઘણી જગ્યાએ તો માતાપિતા સ્માર્ટ પોઝિશનિંગ ફંકશનની મદદથી તેમના બાળકોના વાસ્તવિક સમયના સ્થાન પર પણ નજર રાખે છે તે સારી વાત છે. એક્સપર્ટ્સનુ કહેવુ છે કે જીપીએસ ડિવાઈસ સાથે ફીટ કરેલી સારી ક્વૉલિટી બેગમાં ૯૦ દિવસ સુધી ડેટા સેવ થાય છે. જ્યારે પણ બાળક સેફ ઝોનની બહાર જશે ત્યારે તેના માતા-પિતાના મોબાઈલ પર મેસેજ આવશે. આ સિવાય સ્માર્ટ વૉચમાં ટ્રેકિંગ ડિવાઈસની સિસ્ટમ પણ ઉપલબ્ધ છે. હવે આ પ્રકારની ટેકનોલોજી તમામ બાળકો માટે સુલભ બનાવવાની જરૂર છે.

# પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પાણીપુરીનું સેન્ટર ખોલ્યું!

કોલકતા,તા.૧૩

બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પાણી પુરી બનાવતા જોવા મળી રહ્યા છે, એવું લાગી રહ્યું છે કે તેમમે પાણીપુરીનો સ્ટોલ ઓપન કર્યું હોય, પરંતુ વાસ્તવિકતા એ છે કે મમતા બેનર્જીએ દાર્જિલિંગની તેમની મુલાકાત દરમિયાન મંગળવારે રસ્તાની બાજુના સ્ટોલ પર પાણીપુરી બનાવી લોકો સાથે જોડાવા માટે એક નવીન રીત અપનાવી છે.સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો છે જેમાં તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો લોકોને આમલીના પાણીમાં બોળીને



બટાકાથી ભરેલો મસાલા ભરીને લોકોને પાણીપુરી ખવડાવી રહ્યા હતા. દાર્જિલિંગમાં સ્વ-સહાય જૂથની મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતા સ્ટોલની મુલાકાત લીધી અને 'ફૂચકા' (પાણીપુરી) બનાવવામાં તેમની કુશળતા બતાવી હતી.પાણીપુરીને પશ્ચિમ બંગાળમાં ફુચકા કહેવામાં આવે છે. વીડિયો શેર કરીને ટીએમસીએ ટ્વિટ કર્યું "અમારા માનનીય અધ્યક્ષ મમતા બેનર્જી દાર્જિલિંગમા એસએચજી દ્વારા ચલાવવામાં આવતા ફૂડ સ્ટોલ 'સન્ડે હાટ' પર પહોંચ્યા. મહિલાઓની તેમની મહેનત માટે તેમની પ્રશંસા કરી હતી, તેઓ બંગાળના મનપસંદ ફુચકાની તૈયારીમાં તેમનો સાથ આપે છે અને ઉત્સાહી બાળકોને સ્વાદિષ્ટ નાસ્તો પણ પીરસે છે."

ટીએમસી ચીફ ગોરખાલેન્ડ ટેરિટોરિયલ એડમિનિસ્ટ્રેશનના નવા ચૂંટાયેલા બોર્ડના સભ્યોના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે મંગળવારે દાર્જિલિંગની મુલાકાતે છે. બુધવારે તેમનો બીજો કાર્યક્રમ છે.

# ચાણસ્મા પંથકમાં ગુરુપૂર્ણિમાંની પરંપરાગત ઉજવણી



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો,

ચાણસ્મા ખાતે આવેલા યોગાશ્રમમાં પરમ પુજય સચ્ચિદાનંદ બાપુની પ્રતિમા નુ તેમના શિષ્યોએ પાદુકા પૂજન કરી ગુરુ આશીર્વાદ મેળવ્યાં હતા.ગાયત્રી મંદિર ખાતે ગુરુ પૂજનનું મહત્ત્વ ગુરુ ઋણ અને ગુરુ જ્ઞાનના દાતા જેવા શબ્દાલંકાર સાથે ઉપસ્થિત મહાનુભાવોએ ગુરુમહીમા નો વિશેષ બોધ આપ્યો હતો. જ્યારે ચાણસ્મા તાલુકાના ધાણોદરડા ચેહર માતાના મંદિર તેમજ ખારીઘારીયાલ ગામે પીઠાઇ માતાજીના ધામે તેમજ સધી માતાજીના ધામે ગુરુપૂર્ણિમાના દિવસે અમદાવાદ, વડોદરા, સુરત, મુંબઈ થી માઇ ભક્તોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આમ ચાણસ્મા તાલુકામાં ઠેર ઠેર જગ્યાએ ગુરુમહિમા ને ઉજાગર કરતો ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ભાવપૂર્ણ રીતે ઉજવાયો હતો.

### હીટ એન રન ની ઘટના

# પાલનપુર ના પત્રકાર નું માર્ગ અકસ્માત માં કરૂણ મોત. વાહન ચાલક ફરાર

બનાસકાંઠા પાલનપુર

રિપોર્ટ : ફરજાના જુનેજા ,પાલનપુર

પાલનપુર ડીસા હાઈવે રોડ પર અજાણ્યા વાહન ચાલકે એક બાઈક સવાર યુવકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક સવાર યુવકનું ઘટના સ્થળે જ મોતની જ્યો હતો અને અકસ્માત સર્જી અજાણ્યો વાહન ચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

બનાસકાંઠા જિલ્લામાં માર્ગ અકસ્માતના બનાવવામાં વધારો થઈ રહ્યો છે ત્યારે આજે વધુ એક અકસ્માતની ઘટનાઓ સામે આવી છે જેમાં એક યુવકનું મોત નીપજ્યું છે સમગ્ર ઘટનાની વાત કરવામાં આવે તો પાલનપુર ડીસા હાઈવે પર એક અજાણ્યા વાહન ચાલકે બાઈક સવાર યુવકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો.આકસ્માતમાં બાઈક સવાર યુવક રોડ પર પટકાતા તેને માથાના ભાગે ગંભીર પહોંચતા તેનું ઘટના જ સ્થળે મોતની જ હતું. પરંતુ અકસ્માત સર્જનાર અજાણ્યો વાહન ચાલક બાઈક સવાર યુવકને અડફેટે લઈ ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

આ અકસ્માતના પગલે ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

અકસ્માતમાં બાઈક સવાર એક ખાનગી ચેનલના પત્રકાર કલ્પેશ મોદી હોવાનું સામે આવ્યું હતું ખાનગી ચેનલના પત્રકાર કલ્પેશ મોદીનું મોત થતા પત્રકાર આલમમાં શોકની લાગણી છવાઈ હતી.

# સમસ્ત મહાજન દ્વારા અતિવૃષ્ટિગ્રસ્ત વિસ્તારના લોકોને ફૂડ પેકેટનું વિતરણ કરવાનું આયોજન

વૈશ્વીક સ્તરે જળ, જન, જંગલ, જમીન, જનાવરની સુખાકારી માટે કાર્યરત સેવા સંસ્થા ‘સમસ્ત મહાજન‘ સંસ્થા દ્વારા ગુજરાત રાજયના પંચમહાલ-બોડેલીનાં અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત વિસ્તાર જ્યાં એક દિવસમાં ૨૨ ઈંચ વરસાદ પડ્યો હતો, ત્યાં તેમજ વાપી અને વલસાડનાં અસરગ્રસ્ત વિસ્તારમા રહેતા લોકોનું પ્રાથમિક શાળામાં સ્થળાંતર કરાયું હતું. આ લોકોને ખોરાકની સુવિધા મળી રહે તે હેતુથી ત્યાં રસોડાઓ શરૂ કરવામાં આવ્યા છે. સમસ્ત મહાજન સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ લોકો માટે ફૂડ પેકેટનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ફૂડ પેકેટમાં દહીમાં બનાવેલા થેપલા, સુખડી, ખાખરા અને ચેવડો જેવી વસ્તુઓ આપવાનું આયોજન છે. આગળનાં સમયમાં રાશન કીટ, વાસણ, કપડાં પણ સંસ્થા દ્વારા આપવામાં આવશે.

સમસ્ત મહાજન દ્વારા અતિવૃષ્ટિગ્રસ્ત વિસ્તારના લોકોને મદદ કરવા અપીલ કરવામાં આવી છે. સમસ્ત મહાજનને દાન મોકલવા માટે આપનો ચેક ‘સમસ્ત મહાજન’, ના નામનો લખવો.

સરનામું : સમસ્ત મહાજન, ૪૦૯, પ્રસાદ ચેમ્બર્સ, ઓપેરા હાઉસ, મુંબઈ ૪, ઈમેઈલ: samastmahajan9@gmail.com / www.samastmahajan.org.

સમસ્ત મહાજનની બેન્કની વિગતો : HDFC BANK

BRANCH : CRAWFORD MRKET

Current A/C NO: 00602320006521

IFSC CODE: HDFC0000143

આ અંગેની વિશેષ માહિતી માટે ગિરીશભાઈ શાહ (મો. ૯૮૨૦૦ ૨૦૯૭૬), દેવેન્દ્રભાઈ જૈન (મો. ૯૮૨૫૧૨૯૧૧૧) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# વંદે ગુજરાત વિકાસ યાત્રા રથનું તા.૧૨મી જુલાઇના રોજ ગાંધીનગર અને માણસા તાલુકાના ચાર ગામમાં ભવ્ય સ્વાગત કરાયું

ગાંધીનગર: બુધવાર:

ગાંધીનગર જિલ્લામાં વંદે ગુજરાત વિકાસ યાત્રાનો રથ તા. ૧૨મી જુલાઈના રોજ ગાંધીનગર અને માણસા તાલુકાના ચાર ગામોમાં ગયો હતો. વિકાસ યાત્રા જે ગામમાં જાય છે, ત્યાં નિરામય કેમ્પનું આયોજન કરવામાં આવે છે. ગાંધીનગર અને માણસા તાલુકાના કુલ- ૪ ગામમાં વિકાસ યાત્રા અંતર્ગત યોજાયેલ નિરામય કેમ્પમાં કુલ- ૩૨૩ વ્યક્તિઓના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લામાં વંદે ગુજરાત વિકાસ યાત્રાના આરંભ તા.૦૫મી જુલાઈથી થયો છે. આ વિકાસ યાત્રાના સાતમાં દિવસે ગાંધીનગર તાલુકાના અડાલજ અને શેરથા ગામ ખાતે અને માણસા તાલુકાના મહુડી અને લાકરોડા ગામ ખાતે રથ ગયો હતો. વિકાસ યાત્રા રથ જે ગામમાં જાય છે, ત્યાં જિલ્લાના આરોગ્ય તંત્ર દ્વારા નિરામય કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ કેમ્પમાં આસપાસના ગ્રામજનો પણ લાભ લઇ રહ્યા છે.

આ નિરામય કેમ્પ દરમ્યાન ડાયાબિટીસ, હાયપરટેન્શન, એનિમીયા, કેલ્શિયમની ઉણપ, કીડનીની બિમારીની પ્રાથમિક તપાસ, મોઢાનું, સ્તન અને ગર્ભાશયના કેન્સરની તપાસકરી આપવામાં આવે છે. તેમજ સાથે સાથે હેલ્થ કાર્ડ અને પી.એમ.જી.એ.વાય કાર્ડની ઓનલાઈન અરજી કરી આપવાની સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવે છે. ગઈકાલ તા. ૧૨મી જુલાઈના રોજ ગાંધીનગર અને માણસા તાલુકામાં યોજાયેલ કેમ્પમાં કુલ- ૩૨૩ ગ્રામજનોએ પોતાના આરોગ્યની તપાસ કરાવી હતી. જેમાં ગાંધીનગર તાલુકાના અડાલજ ગામમાં સવારના રથ ગયો હતો. અડાલજ ગામ ખાતે યોજાયેલ કેમ્પમાં ૭૮ વ્યક્તિઓઅને સાંજે શેરથા ગામ ખાતે યોજાયેલ કેમ્પમાં ૬૨ વ્યક્તિઓએ કેમ્પનો લાભ લીધો હતો. તેમજ માણસા તાલુકામાં મહુડી ગામમાં યોજાયેલ કેમ્પમાં ૮૯ વ્યક્તિઓ અને સાંજે લાકરોડા ગામ ખાતે યોજાયેલ કેમ્પમાં ૯૪ વ્યક્તિઓ લાભ લીધો હતો.

ગાંધીનગર અને માણસા તાલુકા ખાતે યોજાયેલ કેમ્પમાં કુલ- ૩૨૩ વ્યક્તિઓના બલ્ડના સેમ્પલ લેવામાં આવ્યા હતા.

# પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં કેન્દ્રીય મંત્રીમંડળે કરેલા ૧૧૬.૬૫ કિલોમીટર લાંબા તારંગા હિલ-અંબાજી-આબુરોડ નવી રેલ લાઇન પ્રોજેક્ટ મંજૂરીના નિર્ણયને આવકારતા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ

તા.૧૩-૦૭-૨૦૨૨

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં કેન્દ્રીય મંત્રીમંડળે ૧૧૬.૬૫ કિલોમીટર લાંબા તારંગા હિલ-અંબાજી-આબુરોડ નવી રેલ લાઇન પ્રોજેક્ટને મંજૂરી આપી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં થયેલા આ નિર્ણયને માન.પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે આવકાર્યો છે. શ્રી પાટીલ સાહેબે જણાવ્યુ છે કે, દેશભરમાંથી અંબાજી અને માઉન્ટ આબુ જૈન તીર્થસ્થળો પર આવતા યાત્રાળુઓ રેલ મારફતે દર્શન કરી શકશે તેમજ આ પ્રસિદ્ધ તીર્થધામ અંબાજી મંદિરે જનારા યાત્રિકોને લાભ મળશે. માઉન્ટ આબુ અને તારંગા હિલ સ્થિત શ્રી અજીતનાથ જૈન મંદિરમાં આવતા યાત્રિકોને લાભ મળશે તેમજ માઉન્ટ આબુ સ્થિત બ્રહ્માકુમારી તીર્થસ્થાનના પણ દર્શનાર્થીઓ લાભ લઈ શકશે. માન.નરેન્દ્રભાઈ મોદી સાહેબે મુશ્કેલીઓને નિવારવા માટે આ ખૂબ મહત્વનો નિર્ણય કર્યો છે. તે બદલ માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને ખૂબ ખૂબ અભિનંદન.

શ્રી પાટીલ સાહેબે વધુમાં જણાવ્યુ છે કે, અંબાજી એ ભારતનું એક આધ્યાત્મિક કેન્દ્ર અને સૌથી પ્રાચીન શક્તિપીઠ છે જેની મુલાકાત દેશભરમાંથી મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવે છે. આ પ્રસિદ્ધ પ્રવાસન સ્થળ માઉન્ટ આબુ ખાતેના શ્રી અજિતનાથ જૈન મંદિર (૨૪ પવિત્ર જૈન તીર્થંકરોમાંથી એક) અને તારંગા હિલ ખાતેના તીર્થ સ્થળની પણ નજીક છે. સૂચિત ૧૧૬.૬૫ કિમી લાંબી નવી લાઇન તારંગા હિલ, અંબાજી અને આબુ રોડને રેલ જોડાણ પ્રદાન કરશે. વરેથા અને આબુ રોડ વચ્ચે ૧૧૬.૬૫ કિમીની લંબાઇ માટે નવી રેલ લાઈનનું કામ સરકાર પાસેથી જરૂરી મંજુરી મેળવ્યા બાદ હાથ ધરવાનું છે.

આ પ્રોજેક્ટનો કુલ અંદાજિત ખર્ચ રૂ.૨૭૯૮.૧૬ કરોડ છે. આ પ્રોજેક્ટ માટે લગભગ ૬૨૦.૦૯ હેક્ટર જમીન સંપાદિત કરવાની છે, જેમાંથી ૪૬૨.૩૦ હેક્ટર ખાનગી જમીન છે, ૯૧.૮૦ હેક્ટર સરકારી જમીન છે અને બાકીની ૬૫.૯૯ હેક્ટર જંગલની જમીન છે.




*૧૬૩ વર્ષ જૂની તાર સેવા કાયમ માટે તારીખ ૧૩/૦૭/૨૦૧૩ સવારના નવ વાગ્યાથી બંધ કરવામાં આવી.૧૮૫૦ માં પહેલીવાર કલકતા અને ડાયમંડ હાર્બર વચ્ચે શરુ થયેલી.૧૮૫૪ થી જાહેર જનતા માટે શરુ થયેલી. ૧૮૪૩ માં મોર્સ નામના વૈજ્ઞાનીકે કડ કટ નામની અદભૂત ભાષા શોધી જે મોર્સ કોડ થી જાણીતી થયી તાર પર પહેલો મેસેજ હતો....what hath god wrought? હું ૧૯૬૫ માં તાર ઓફિસ માં ૧૯ વર્ષ ની ઉંમરે જામનગર માં જોડાયો ત્યારે અમારી ઓફિસ ૨૪ કલાક ચાલતી કોઈ પુછે કે તમારી ઓફિસ કેટલા વાગ્યા સુધી ખુલ્લી રહેશે તો અમે જવાબ આપતા કે જામનગરનુ સ્મશાન બંધ થાય તો અમારી ઓફિસ બંધ થાય.હવે સ્મશાન પણ રાતે દશ વાગ્યે બંધ થાય છે સમય ની બલીહારી છે !*





**ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકામાં૩૫૭ વ્યક્તિઓને સલામત સ્થળે ખસેડવામાં વહીવટી તંત્ર સફળ.**
**સંકટ સમયે આશરોમળતા કઠોદરા ગામના નિકુલભાઈ વસાવાએ જિલ્લા વહીવટીતંત્રનો આભાર વ્યક્તકર્યો...**

# જૂનાગઢમાં પાંચ દિવસથી તરૂણ ગાયબ : પોલીસને મૃતદેહ મળ્યો



જૂનાગઢ,તા.૧૩

જૂનાગઢ શહેરમાંથી ગત શનિવારના રાતે ૯ વાગ્યાથી ઘરેથી સાયકલ લઈને ચક્કર મારવાનું બહાનું કરીને નીકળેલો ૧૫ વર્ષનો તરુણ છેલ્લા ૩ દિવસથી લાપતા છે, પરંતુ હજુ સુધી તેનો કોઈ પત્તો ન મળતા તેમના પરિવાર ચિંતાતુર બન્યા છે, તેવામાં આજે તેની સાયકલ તળાવમાંથી મળી આવતા એસપી સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવેલ છે, અને એનડીઆરએફની ટીમ દ્વારા તળાવમાં શોધખોળ શરુ કરવામાં આવી હતી જેમાં પોલીસને મનન જોષીનો મૃતદેહ મળ્યો છે. મનનો પરિવાર અત્યંત આક્રદં કરી રહ્યો છે અને ગમગીન બન્યો છે.

જૂનાગઢમાં જલારામ સોસાયટી પાસે રિધ્ધિ ટાવરમાં રહેતા દીપેશભાઈ જોશીનો એક નો એક દિકરો મનન ઉ.૧૫ શનિવારે રાતે ૯ વાગ્યા બાદ ઘરેથી સાયકલ લઈને બહાર ચક્કર મારવાનું કહીને નીકળ્યા બાદ એકાએક લાપતા બન્યો હતો, પરિણામે તેમનો પરિવાર અને સ્વજનો ચિંતાતુર બન્યા છે. મનનને શોધવા સોશિયલ મીડિયામાં તેના ફોટા વાયરલ કરીને તપાસ શરુ કરવામાં આવી છે, છતાં હજુ સુધી તે લાપતા છે. આ મામલે બી ડીવીઝન પોલીસ દ્વારા તરુણના ઘરની આસપાસના તમામ સીસીટીવી ફૂટેજ ચેક કરી લેવામાં આવ્યા છે,

પરંતુ તે ઘરેથી બહાર નીકળતો હોય તેવા એકપણ ફૂટેજ હજુ સુધી પોલીસને મળ્યા નથી, બીજા રસ્તેથી નીકળ્યો હોય તો તે દિશામાં તેમજ મોબાઈલની કોલ ડીટેઈલના આધારે પોલીસ દ્વારા તપાસ શરુ કરવામાં આવી છે, ડીવાયએસપીએ જણાવ્યું કે, જયાંથી તેનો મોબાઈલ મળી આવેલો તે નરસિંહ સરોવરમાં પણ ફાયરના સ્ટાફ દ્વારા બે વખત પાણીમાં તલાસ કરી જોઈ પરંતુ કોઈ ભાળ મળી નહોતી જેમાં આજે મૃતદેહ મળ્યો છે.

# સમસ્ત મહાજન દ્વારા રાજકોટની ગૌ શાળા પાંજરાપોળને ૪ લાખ રૂપિયાનાં ચેકનું વિતરણ

**કેન્દ્રીય પશુપાલન મંત્રી પરસોતમભાઈ રૂપાલાનાં વરદ હસ્તે ચેકનું વિતરણ કરાયું**



વૈશ્વિક સ્તરે જળ, જન, જમીન, જાનવરની સુખાકારી માટે કાર્યરત સેવા સંસ્થા ‘સમસ્ત મહાજન‘નાં મેનેજિંગ ટ્રસ્ટી અને એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાનાં મેમ્બર ગિરીશભાઈ શાહનાં માર્ગદર્શનમાં ‘વર્લ્ડ ઝુનોસીસ ડે‘ નિમિતે સૌરાષ્ટ્ર-કચ્છનાં પશુ-પક્ષીઓ માટેના મેગા, નિ:શુલ્ક, સર્વરોગ નિદાન તેમજ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમસ્ત મહાજન સંસ્થા દ્વારા ગૌ શાળા પાંજરાપોળોને આર્થિક સહાય મળી રહે અને સ્વાવલંબન તરફ આગળ ધપે તેવા ઉમદા હેતુથી સૌરાષ્ટ્રની કિસાન ગૌ શાળા, સદભાવના બળદ આશ્રમ, મોટા વડાળાં ગૌ શાળા – પાંજરાપોળ , શ્રીજી ગૌશાળા એમ ૪ ગૌશાળા-પાંજરાપોળ ને એક-એક લાખ એમ ચાર લાખનાં ચેકનું વિતરણ કેન્દ્રીય પશુપાલન મંત્રી પરસોતમભાઈ રૂપાલા દ્વારા કરવામાં આવ્યું હતું.રૂદેશનાં બહુ ઓછાં રાજ્યો પાંજરાપોળો તથા ગૌશાળાઓને સબસિડી આપે છે. સતત વધતી મોંઘવારીમાં પશુસંસ્થાઓ માટે નિભાવ પ્રતિદિન અઘરો થયો છે.

સમસ્ત મહાજન સંસ્થા આ વાતથી સુપેરે વાકેફ હોઈ તેમનો પ્રયત્ન આ સંસ્થાઓને મહત્તમ સાથ પૂરો પાડવાનો હોય છે.

સમગ્ર આયોજન અંગે ગિરીશભાઈ શાહનાં માર્ગદર્શનમાં મિતલ ખેતાણી, કુમારપાળ શાહ, પ્રતિકભાઈ સંઘાણી, ધીરેન્દ્રભાઈ કાનાબાર, રમેશભાઈ ઠક્કર સહિતના અગ્રણીઓ એ જહેમત ઉઠાવી હતી.




આષાઢી પૂનમ એટલે ગુરુ પૂર્ણિમા ના પવિત્ર દિવસે વેજલપુર વિસ્તારમાં આવેલ શ્રી કુંજ સોસાયટીમાં બિરાજમાન રાજમાં ન રાજેશ્વરી મેલડી માતાજી દરબારમાં ૫૬ ભોગ અન્નકુટ ધરાવવામાં આવેલ માં ના તથા અન્નકુટ દર્શન કરવા ભક્તો ઉમટી પડ્યા હતા.

# રાજકોટ: ગાંઠીયામાં ભેળસેળ કરનાર વેપારીને જેલની સજા

## ગુજરાતીઓ ખાવાના ભારે શોખીન છે. જેવા નવરા પડે નહી કે તરત જ કંઇક ખાવા માટેનો પ્લાન બનાવી દે

રાજકોટ,તા.૧૩

રાજકોટમાં ચટાકેદાર સ્વાદના શોખીનો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. જેમાં તીખા ગાંઠીયામાં ભેળસેળ કરનાર વેપારીને એક મહિનાની જેલની સજા અને દસ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.તેમાં લેભાગુ વેપારી દ્વારા તીખા ગાંઠીયામાં કલરયુક્ત રસાયણ નાખવામાં આવતું હતું.

ઉલ્લેખનીય છે કે શહેરના લક્ષ્મીનગર મેઈન રોડ પર આવેલા શ્રીનાથજી ફરસાણા એન્ડ સ્વીટ માર્ટમાં ૧૮-૨-૨૦૧૩માં મનપા આરોગ્ય વિભાગે દરોડો કર્યો હતો. તેમાં ભેળસેળ કરનાર વેપારી ચંદ્રકાંત ગિરધરભાઈ કાનાબારને એક મહિનાની સજા ફટકારવામાં આવી છે. જેમાં જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ મ્યુનિસિપલ કોર્ટ દ્વારા ચુકાદો આપવામાં આવ્યો છે. તેથી રાજકોટમાં અનેક તત્વો દ્વારા ખાદ્ય ચીજોમાં ભેળસેળ કરવામાં આવે છે.

ગુજરાતીઓ ખાવાના ભારે શોખીન છે. જેવા નવરા પડે નહી કે તરત જ કંઇક ખાવા માટેનો પ્લાન બનાવી દે. તેમાં પણ રજાના દિવસની સવાર તો ગાંઠિયા વિના અધૂરી ગણાય. ગાંઠિયા અને ચટણી તો ગુજરાતીઓના હોટ ફેવરિટ. ટેસ્ટી અને ટેસડો પાડી દેતા ગરમાગરમ ગાંઠિયા ખાવા માટે ભલભલાનું મન લલચાઇ જાય. પરંતુ શું તમને ખબર છે ગાંઠિયા એકદમ ટેસ્ટફુલ બનાવવા માટે વેપારીઓ તમારા જીવની પણ પરવાહ કરતા નથી. જી હા, સાંભળીને નવાઇ લાગે પરંતુ રાજકોટમાં ગાંઠિયા બનાવવા માટે ધોવાનો સોડા વપરાતો હોવાનું સામે આવ્યું છે. તેમાં અમુક વેપારીઓ તીખા ગાંઠીયામાં કલરયુક્ત રસાયણ નાખે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.